RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 14 Issue : 193 Dt. 2-11-2024 Page : 08 Price : Rs 3




**૩, ૪ અને ૫ નવેમ્બર અંક પ્રસિદ્ધ થશે નહીં**

નવા વર્ષની ઉજવણી નિમિતે તા. ૨, ૩ અને ૪ ના રોજ રાજકોટ મિરર કાર્યાલયમાં રજા હોય તા. ૩, ૪ અને ૫ નો અંક પ્રસિદ્ધ થશે નહીં જેની અમારા સુજ્ઞ વાચકો, એજન્ટ મિત્રો તેમજ વિજ્ઞાપન એજન્સીઓએ નોંધ લેવી.
-મેનેજમેન્ટ

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## હરિયાણામાં ચૂંટણી પ્રશ્ને પંચ ''અસ્પષ્ટ'' : કોંગ્રેસ

### હરિયાણાની ચૂંટણીને લઈને અમારી ફરિયાદો સ્પષ્ટ હતી, ચૂંટણી પંચે પહેલાની જેમ ઢીલું વલણ અપનાવ્યું અને ફરિયાદોને બાજુએ મૂકી દીધી

નવીદિલ્હી તા. ૧

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ગેરરીતિનો આરોપ લગાવતા કોંગ્રેસે ફરી એકવાર ચૂંટણી પંચને ઘેર્યું છે. કોંગ્રેસે કહ્યું કે હરિયાણા ચૂંટણી સંબંધિત તેની ફરિયાદો પર સ્પષ્ટીકરણ આપવાને બદલે પંચે અસ્પષ્ટ જવાબો આપ્યા. આટલું જ નહીં, તેણે EC પર પોતાને ક્લીનચીટ આપવાનો પણ આરોપ લગાવ્યો. કોંગ્રેસે કહ્યું, ''હરિયાણાની ચૂંટણીને લઈને અમારી ફરિયાદો સ્પષ્ટ હતી, ચૂંટણી પંચે પહેલાની જેમ ઢીલું વલણ અપનાવ્યું અને ફરિયાદોને બાજુએ મૂકી દીધી. પાર્ટીએ ટોણો માર્યો અને કહ્યું કે કોઈ આશ્ચર્યની વાત નથી, ચૂંટણી પંચે પોતે જ ક્લીનચીટ આપી છે. હરિયાણાની ચૂંટણી સંબંધિત ફરિયાદોના જવાબમાં ઘમંડ ભરેલું હતું.

કોંગ્રેસે વધુમાં કહ્યું કે, ચૂંટણી પંચનો ઉદ્દેશ્ય તેના તટસ્થ સ્વભાવને સંપૂર્ણપણે ખતમ કરવાનો છે, તેથી તે આ દિશામાં આગળ વધી રહ્યું છે. અગાઉ ચૂંટણી પંચે હરિયાણા ચૂંટણીમાં કોઈપણ પ્રકારની ગેરરીતિના કોંગ્રેસના આરોપોને પાયાવિહોણા, ખોટા અને તથ્યવિહીન ગણાવીને ફગાવી દીધા છે. પંચે કોંગ્રેસ પાર્ટીને ચૂંટણી પછી પાયાવિહોણા આક્ષેપો કરવાથી દૂર રહેવા પણ પત્ર લખ્યો છે. આ સાથે ચૂંટણી પંચે છેલ્લા એક વર્ષના આવા પાંચ ચોક્કસ મામલાઓ પણ ટાંક્યા છે. આ મામલાઓનો ઉલ્લેખ કરતાં પંચે કહ્યું કે દેશની સૌથી જૂની પાર્ટી એ કોઈપણ પુરાવા વિના ચૂંટણી કાર્ય પર આદતના હુમલાથી બચવું જોઈએ.




કોંગ્રેસ પાર્ટીને લખેલા પત્રમાં ચૂંટણી પંચે તેના પર 'સામાન્ય' શંકાનો દાવો કરીને હવા બનાવવાનો આરોપ લગાવ્યો છે. આ સંદર્ભમાં પંચે કોંગ્રેસને ભવિષ્યમાં પાયાવિહોણા આરોપોથી દૂર રહેવાની કડક સલાહ પણ આપી છે. એટલું જ નહીં, ચૂંટણી પંચે કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષોને મતદાન અને ગણતરીના દિવસો જેવા સંવેદનશીલ સમયે પાયાવિહોણી અને સનસનાટીભરી ફરિયાદો કરવા સામે ચેતવણી આપી હતી. તેમને ચેતવણી આપવામાં આવી છે કે આ પ્રયાસો ક્યારેય સત્યને અસત્યમાં અને અસત્યને સત્યમાં ફેરવી ન શકે.

ઉલ્લેખનીય છે કે હરિયાણામાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૯૦માંથી ૪૮ બેઠકો જીતીને સત્તા જાળવી રાખી હતી, જ્યારે કોંગ્રેસને ૩૭, INLDને બે અને અપક્ષોને ત્રણ બેઠકો મળી હતી. આ પછી, કોંગ્રેસના પ્રતિનિધિમંડળે રાજ્યના ચૂંટણી પરિણામોમાં અનિયમિતતાનો આરોપ લગાવ્યો અને ચૂંટણી પંચ દ્વારા તપાસની માંગ કરી. કોંગ્રેસે હરિયાણા વિધાનસભા ચૂંટણીની મતગણતરી દરમિયાન ઈવીએમમાં થયેલી વિસંગતતાઓ અંગે ચૂંટણી પંચને અનેક ફરિયાદો રજૂ કરી હતી. ૨૦ વિધાનસભા મતવિસ્તારના કોંગ્રેસના ઉમેદવારોએ ચૂંટણી પંચને કરેલી તેમની ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે, ''કોંગ્રેસ પાર્ટી ૯૯ ટકા ચાર્જ કરાયેલા EVM પર હારી ગઈ અને ૬૦-૭૦ ટકા ચાર્જ કરાયેલા EVM પર કોંગ્રેસ જીતી ગઈ. આ આશ્ચર્યજનક છે.

ફરિયાદો પરના તમારા પ્રતિભાવનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો છે. આશ્ચર્યની વાત નથી કે, ચૂંટણી પંચે પોતાને ક્લીન ચિટ આપી છે... જો વર્તમાન ચૂંટણી પંચનો ઉદ્દેશ્ય તેના તટસ્થતાના છેલ્લા અવશેષોને પણ દૂર કરવાનો છે, તો તે આ છાપ ઊભી કરવામાં નોંધપાત્ર કામ કરી રહ્યું છે,'' પક્ષે તેના પત્રમાં જણાવ્યું હતું. વિપક્ષી પાર્ટીએ કહ્યું કે ચૂંટણી પંચના સંદેશના ''ટોન અને ટોન'' તેમજ ''કોંગ્રેસ પર વપરાયેલી ભાષા અને આક્ષેપો'' ના કારણે તેને વળતો જવાબ લખવાની ફરજ પડી હતી.

### અનેક ફરિયાદો છતાં ઈલેક્શન કમિશને નથી લીધા પગલાં

કોંગ્રેસે એવો પણ દાવો કર્યો હતો કે વડાપ્રધાન અને ગૃહમંત્રી સામે સૌથી વધુ ફરિયાદો દાખલ કરવા છતાં ચૂંટણી પંચે કોઈની સામે પગલાં લીધાં નથી, જ્યારે કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ રાષ્ટ્રપતિને તેમના કાર્યો કે ભાષણો માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓએ પણ ચૂંટણી પંચના જવાબની ટીકા કરી હતી. કોંગ્રેસના મહાસચિવ રમેશે કહ્યું, ''ચૂંટણી પંચે હરિયાણાની ૨૦ વિધાનસભા મતવિસ્તારોમાં કોંગ્રેસની ચોક્કસ ફરિયાદોનો કોઈ જવાબ આપ્યો નથી.'' કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેરાએ ટોણો માર્યો કે, ''જો વડાપ્રધાન પોતાને ભગવાન માને છે, તો તેમના મુખ્ય ચૂંટણી કમિશનર પોતાને માનવતા માટે ભગવાનની ભેટ ગણશે.''




## આજથી વિક્રમ સંવત ૨૦૮૧

### બેસતું વર્ષ વણજોયા મુહૂર્તનો દિવસઃ ભગવાનને છપ્પન ભોગ ધરાવવાનું અનન્ય મહત્ત્વ

રાજકોટ મિરર, તા.૩૧

કારતક શુદ એકમ ને શનિવાર તારીખ ૨ નવેમ્બર ના દિવસે બેસતુ વર્ષ છે ખાસ કરીને નવા વર્ષના દિવસે સૌ પ્રથમ પોતાનો નિત્ય કર્મ કરી અને પોતાના માતા પિતાને પગે લાગવું વર્ષ મા ચાર વણ જોયા મુહૂર્તના દિવસો આવે છે તેમા બેસતુ વર્ષ વણજોયા મૂહુર્તનો દિવસ ગણાય છે આથી આ દિવસનું મહત્વ વધારે રહે છે બેસતા વર્ષના દિવસે ગોવર્ધન પૂજા બલીરાજાનુ પૂજન અને ભગવાનને અન્નકૂટ ૫૬ ભોગ ધરાવવાનુ વધારે મહત્વ છે આ દિવસે ઘણા ખરા મંદિરો મા તથા હવેલીમાં ભગવાનને અન્નકૂટ ધરાવાય છે.

તે ઉપરાંત આ દિવસે વ્યાપારી લોકો પોતાના નવા વર્ષના વ્યાપારના ચોપડા મા મીતી પુરી અને નવા વર્ષના વ્યાપારની શરૂઆત કરશે. આ વર્ષે ના સવત્સર નો સ્વામી શની છે તથા નવા વર્ષના ગોચરના ગ્રહો જોતા વરસાદ મધ્યમ રહે રાજકારણ દિન પ્રતિદિન વધતું જાય અને ખાસ કરીને રોગચાળો માં વધારો થાય ચોરી અને લૂંટફાટ ની ઘટનામાં વધારો થાય અનાજ મોંઘુ થાય ઉનાળામાં ગરમી પોતાનો રેકોર્ડ તોડે તેમજ પાડોશી દેશો સાથે વિગ્રહ વધે જ્યારે પોઝિટિવ અસરો જોતા ભારત ની જીડીપી મા વધારો થાય ધાર્મિક વિકાસ થાય પ્રજામાં એજ્યુકેશન વધે પ્રજા જનોની બુદ્ધિ શક્તિમાં વધારો થાય લોકો ની સુખાકારી માં વધારો થાય. તારીખ ૨૯.૩.૨૪ના દિવસે શનિ ગ્રહ મીન રાશિમાં પ્રવેશ કરશે આથી મકર રાશિના જાતકોને મોટી પનોતી માંથી રાહત મળશે જ્યારે મેષ રાશિના જાતકોને મોટી પનોતી ની શરૂઆત થશે ખાસ કરીને સિંહ રાશી અને ધન રાશી ના જાતકોને નાની પનોતી લોઢાને પાયો છે આથી તેઓએ ખાસ ખ્યાલ રાખી જીવનના નિર્ણયો લેવા જ્યારે મોટી પનોતી મા મેષ રાશિના જાતકોને લોઢા નો પાયો છે

આથી તેઓએ પણ જીવનના દરેક નિર્ણયો સમજી વિચારીને લેવા ૧૮.૫.૨૫ ના દિવસે રાહુ ગ્રહ કુંભ. રાશિ માં પ્રવેશ કરશે તે ખાસ કરીને કુંભ રાશી તથા મીન રાશી ના જાતકોએ જીવનના અગત્યના નિર્ણયો ખૂબ કાળજીપૂર્વક લેવા ખાસ કરીને દરેક રાશિના લોકોએ મહાદેવજીની ઉપાસના અને હનુમાનજીની ઉપાસના કરવી જેથી જીવનમાં રાહત રહે આવતા વર્ષે દીપાવલી તા.૨૦ ઓક્ટોબર ના દિવસે છે. શનિવારે તારીખ ૨ નવેમ્બર ના દિવસે નવા વર્ષે વ્યાપારના ચોપડામાં મિતી પુરવાના શુભ મુહૂર્ત ચોઘડિયા પ્રમાણે દિવસના શુભ ચોઘડિયા સવારે શુભ ૮.૧૭ થી ૯.૪૨, બપોરે ચલ ૧૨.૩૦ થી ૧.૫૫, બપોરે લાભ ૧.૫૫ થી ૩.૧૯, બપોરે અમૃત ૩.૧૯ થી ૪.૪૩

## મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું

### હું મહિલા છું કોઈ મિલકત નથી : શાઈના એનસી

### શિવસેના મહાગઠબંધનના ઉમેદવાર શાઈના એનસીએ ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના અરવિંદ સાવંતની ટિપ્પણીનો આપ્યો જવાબ

નવીદિલ્હી તા. ૧

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્યમાં રાજકીય તાપમાન હવે ઉંચુ થઈ રહ્યું છે. હવે શિવસેના મહાગઠબંધનના ઉમેદવાર શાઇના એનસીએ ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના સાંસદ અરવિંદ સાવંતની ટિપ્પણીનો જડબાતોડ જવાબ આપ્યો છે. શિવસેના (ઞઇઝ)ના સાંસદ અરવિંદ સાવંતે શાઈના પર પ્રહાર કરતા કહ્યું, 'તેની હાલત જુઓ. તે આખી જીંદગી ભાજપમાં રહી, હવે તે બીજી પાર્ટીમાં ગઈ છે. આયાતી માલ અહીં કામ કરતો નથી. અહીં માત્ર મૂળ માલસામાન જ કામ કરે છે. શાઈના એનસી સાવંતની ટિપ્પણી પર ગુસ્સે થઈ ગઈ અને તેણે શુક્રવારે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર લખ્યું, 'હું એક મહિલા છું, મિલકત નથી.' એટલું જ નહીં, તે સાવંતની આ અભદ્ર ટિપ્પણી સામે ફરિયાદ નોંધાવવા આવી છે.

શાઈનાએ એમ પણ કહ્યું હતું કે તેને કોઈ પાર્ટી પાસેથી 'સર્ટિફિકેટ' જોઈતું નથી. શુક્રવારે તેણે સાવંત પર પ્રહાર કરતા કહ્યું કે, 'આ એ જ અરવિંદ સાવંત છે, જેમના માટે અમે વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯માં પ્રચાર કર્યો હતો. શાઈનાએ કહ્યું, 'તેની માનસિકતા જુઓ જ્યારે તે કોઈ મહિલાને આઈટમ કહે છે. હું તેમને કહેવા માંગુ છું કે આ જ મતદારો તેમને ચૂંટણીમાં દુઃખી કરશે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા, ભાજપના પ્રવક્તા શાઇના એનસીએ તેમની પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું અને મંગળવારે મુંબઈમાં મુમ્બાદેવી વિધાનસભા મતવિસ્તારમાંથી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના





ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. તેણે કહ્યું હતું કે, 'મેં મુંબાદેવી બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું છે. હું ભાજપમાંથી રાજીનામું આપીને શિવસેનામાં જોડાઈ ગયો છું.

મહાયુતિ ગઠબંધનમાં વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે આ વખતે વિજય મુખ્યમંત્રી એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારની આગેવાની હેઠળની હરીફાઈનો હશે. મુંબાદેવી એ મુંબઈ શહેર જિલ્લાના ૧૦ વિધાનસભા મતવિસ્તારોમાંથી એક છે. તાજેતરની ચૂંટણીમાં, મુંબઈ દક્ષિણ લોકસભા બેઠક શિવસેનાના યુબીટીના અરવિંદ સાવંતે જીતી હતી. તેમણે શિવસેનાના યામિની જાધવને હરાવ્યા હતા. હવે અરવિંદ સાવંત પોતાની ક્ષુદ્ર ટિપ્પણીના કારણે વિવાદમાં ફસાયા છે. શાઈના એનસીએ તેની વિરુદ્ધ મુંબઈના નાગપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ પોલીસે હવે તેની વિરુદ્ધ કેસ નોંધ્યો છે. ભાજપ સાવંતના નિવેદનને કેશ કરવામાં વ્યસ્ત છે જેથી માત્ર યુબીટી કે અરવિંદ સાવંત જ નહીં પરંતુ સમગ્ર વિપક્ષ બેકફૂટ પર ધકેલાઈ જાય. શિવસેનાના નેતા શાઈના એનસીએ કહ્યું કે આપણે બધા જાણીએ છીએ કે મહા વિનાશ અઘાડી મહિલાઓનું સન્માન કરતી નથી. આજે આપણે બધા લક્ષ્મી પૂજા વિશે વાત કરીએ છીએ, તે લક્ષ્મી પૂજાનો દિવસ છે. તે એક શુભ પ્રસંગ છે. અરવિંદ સાવંતજીએ કહ્યું કે તમે આયાતી માલ છો. હું ૨૦ વર્ષથી જાહેર જીવનમાં છું અને બધા જાણે છે કે મેં કેટલા સમર્પણ સાથે કામ કર્યું છે. હું સ્ત્રી છું. મુંબઈ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૯, ૩૫૬-૨ હેઠળ એફઆઈઆર નોંધી છે.

## વકફ બિલ ટલ્લે : રાજકીય પક્ષો 'આમને સામને'

### વિપક્ષી સાંસદનો આક્ષેપ વકફ મુદ્દે સરકારના 'એજન્ડા' માટે અનુકૂળ લોકોને નિવેદનો આપવા માટે વધુ સમય આપવામાં આવ્યો



નવીદિલ્હી તા. ૧

ગરમ ચર્ચાઓ, બહુવિધ વોકઆઉટ અને તૂટેલી કાચની બોટલો ફેંકવામાં આવી . વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ છેલ્લા કેટલાક અઠવાડિયાથી સંસદની સંયુક્ત સમિતિમાં ચર્ચામાં છે. જ્યારે સમિતિના વિપક્ષી સભ્યોએ ''બિન-હિતધારકો'' દ્વારા નિવેદનો અને ''નિયમોના ઉલ્લંઘન'' માં યોજવામાં આવતા સમિતિના સત્રો અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે, ત્યારે શાસક પક્ષના સભ્યોએ સખત પ્રશ્નોનો સામનો કરવાનું ટાળવા માટે ''ઈરાદાપૂર્વક'' હોવાનો આરોપ મૂક્યો છે વિક્ષેપ.

જે લોકો સ્ટેકહોલ્ડર નથી તેઓને નિવેદનો માટે બોલાવવામાં આવી રહ્યા છે. તેનો મતલબ એટલો જ કે તમારો ઈરાદો સાચો નથી. આ દર્શાવે છે કે તમને ન્યાય કરવામાં કોઈ રસ નથી, એમ શિવસેના (UBT)ના સાંસદ અરવિંદ સાવંતે જણાવ્યું હતું, જે સમિતિની કેટલીક બેઠકોમાંથી બહાર નીકળી ગયા હતા. એક વિપક્ષી સાંસદે એવો પણ આક્ષેપ કર્યો હતો કે વકફ મુદ્દે ભાજપ અને સરકારના એજન્ડા'' માટે અનુકૂળ લોકોને નિવેદનો આપવા માટે વધુ સમય આપવામાં આવી રહ્યો છે.

એવું માનવામાં આવે છે કે સનાતન સંસ્થા અને હિંદુ જનજાગૃતિ સમિતિ જેવી ગોવા સ્થિત સંસ્થાઓને આમંત્રણ આપવાથી વિપક્ષી સાંસદોમાં અસ્વસ્થતા પેદા થઈ છે, જેમણે ભૂતકાળમાં કાયદા અમલીકરણ એજન્સીઓની તપાસનો સામનો કરવો પડ્યો છે - ખાસ કરીને નરેન્દ્ર દાભોલકર (૨૦૧૩), ગોવિંદ પાનસરે (૨૦૧૫) અને એમ.એમ. કલબુર્ગીની હત્યાના પગલે (૨૦૧૫). સંગઠનોએ આતંકવાદી ગતિવિધિઓ સાથે કોઈ સંબંધ હોવાનો ઈન્કાર કર્યો છે. સંસદીય પેનલે નાશિકના કાલારામ મંદિર અને RSS નેતા ઈન્દ્રેશ કુમારના મુસ્લિમ રાષ્ટ્રીય મંચના નિવેદનો પણ લીધા છે.



# વાસદમાં ૫ હજાર લોકોએ ૨.૫૦ લાખ સિડબોલ બનાવી પર્યાવરણ ક્ષેત્રે કરી પહેલ

## રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને આર્ટ ઓફ લીવીંગના શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરક ઉપસ્થિતિ

રાજકોટ, તા. ૧

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, જમીનમાં ઓર્ગેનિક કાર્બન ઘટતા અને રાસાયણિક ખાતરનો ઉપયોગ વધતાં તેમાંથી ઉત્પન્ન થતા અન્ન, ફળ અને શાકભાજી ઝેરયુક્ત હોય છે. જે માનવ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. જેને પરિણામે કેન્સર, હૃદયરોગ અને મધુપ્રમેહ જેવી બિમારીઓ વધી છે. આ બધામાંથી બચવાનો એક માત્ર ઉપાય પ્રાકૃતિક કૃષિ છે, તેમ જણાવતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઉમેર્યું કે, ગુજરાતમાં ૧૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. રાજ્ય સરકારે મિશન મોડ પર પ્રાકૃતિક કૃષિ અભિયાન ઉપાડ્યું છે, જે ઝડપભેર આગળ વધી રહ્યું છે.

વાસદ એસ.વી.આઇ.ટી. કોલેજ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને આધ્યત્મિક ગુરુ રવિશંકરજીની હાજરીમાં પાંચ હજાર લોકો દ્વારા માત્ર ૬૦ મિનિટમાં ૨.૫૦ લાખ સીડબોલ બનાવી પર્યાવરણ ક્ષેત્રમાં અનોખી પહેલ શરૂ કરી હતી. આ એક વર્લ્ડ રેકોર્ડ છે, જેની નોંધ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં લેવાઈ હતી. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના પ્રતિનિધિ દ્વારા આ અંગેનું પ્રમાણપત્ર આર્ટ ઓફ લીવીંગના રવિશંકરજીને અર્પણ કરવામાં આવ્યું હતુ.

આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન દ્વારા વાસદ ખાતે ''સીડ ધ અર્થ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ હજારથી વધુ લોકો ભેગા મળીને માત્ર ૬૦ મિનિટમાં ૨.૫૦ લાખ સીડ બોલ તૈયાર કરી હરિત ભારતના નિર્માણમાં યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં બે વર્લ્ડ રેકોર્ડ નોંધાયા હતા. જેમાં સૌથી વધુ સીડબોલ બનાવવાનો તથા સીડબોલ ટ્રેનો ઉપયોગ કરીને સૌથી લાંબુ સ્લોગન બનાવવાનો રેકોર્ડ નોંધાયો હતો. રાજ્યપાલ દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગુરુદેવ રવિશંકરજીએ આધ્યાત્મિક રીતે માનવતાનો માર્ગ પ્રશસ્ત કરવા સાથે પર્યાવરણને બચાવવાનું પણ બીડું ઝડપ્યું છે. પર્યાવરણના રક્ષણ માટે મહત્તમ વૃક્ષો વાવવા જરૂરી છે. રાજ્યપાલે ઉમેર્યું કે, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે ધરતી માતાનું સ્વાસ્થ્ય બગડ્યું છે. જેને પરિણામે ધરતી માતા બિન ઉપજાઉ બની છે. એટલું જ નહીં પ્રકૃતિનું દોહન થઈ રહ્યું છે. પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતી નથી પરંતુ જેનાથી પર્યાવરણના બચાવ સાથે પાણીની શુદ્ધતા, ગૌ માતાનું રક્ષણ, ખેડૂતોની આવક વધવા સાથે ઝેરમુક્ત કૃષિ ઉત્પાદનો માનવજાતને મળી રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજયપાલએ પ્રાકૃતિક જીવનશૈલી અપનાવી પ્રકૃતિનો સહયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે વર્લ્ડ રેકોર્ડ બદલ આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનને અભિનંદન આપ્યા હતા. રાજ્યપાલશ્રીએ સૌ નાગરિકોને દિવાળી પર્વની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજીએ દિપાવલી પર્વની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં અન્નનું ખૂબ જ મહત્વ છે, સારા અન્નનું દાન કરવા માટે સારા બીજનું હોવું પણ અત્યંત જરૂરી છે. આજે આપણો દેશ આઝાદ છે, પરંતુ બીજના ક્ષેત્રમાં આપણે હજુ ગુલામ જ છીએ. આ ગુલામીમાંથી બહાર આવવા માટે આપણે બીજના સંરક્ષણનું કાર્ય કરવું જ પડશે.

તેમણે સીડબોલ બનાવવા માટે નોંધાયેલા વર્લ્ડ રેકોર્ડ બદલ સૌને અભિનંદન પાઠવતા ઉમેર્યું હતું કે, દેશી બીજને બચાવવા એ આજના સમયની તાતી જરૂરિયાત છે. આજે દુનિયામાં બોંબ દ્વારા લોકો મરી રહ્યા છે, પરંતુ આજે બનાવવા આવેલ સીડબોમ્બ એ લોકોને બચાવવા માટેનો બોમ્બ છે, તે આપણે વરસાવવાનો છે, તેમ જણાવી એમણે આ સીડબોમ્બ દ્વારા દુનિયાનું ભલું થશે તેવી કામના પણ વ્યક્ત કરી હતી.

શ્રી શ્રી રવિશંકરજીએ દુનિયામાં પર્યાવરણની જાળવણી નથી થઈ તેના કારણે આપણે કલાઈમેટ ચેન્જનો સામનો કરી રહ્યા છીએ, તેમ જણાવતા ઉમેર્યું હતું કે, સીડબોમ્બ દ્વારા આપણે ધરતીમાં બીજારોપણ કરી પર્યાવરણની જાળવણી માટેનું કાર્ય કરવાનું છે. બીજમાં અવ્યક્ત રહેલા વૃક્ષને બીજારોપણ દ્વારા વ્યક્ત કરવાનું કાર્ય શ્રેષ્ઠતમ કાર્ય છે.શ્રી શ્રી કૃષિ સાયન્સ અને ટેક્નોલોજી ટ્રસ્ટના ચેરમેન ડો. પ્રભાકર રાવે જણાવ્યું કે એસ.વી.આઈ.ટી.ના સહકારથી આજે તૈયાર કરવામાં આવેલ સીડબોલનું આગામી ચોમાસાની સીઝનમાં વાવેતર કરવામાં આવશેકાર્યક્રમના પ્રારંભમાં એસ.વી.આઈ.ટી.ના ચેરમેન રોનક પટેલે ઉપસ્થિત સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, એક કલાકમાં સૌથી વધુ બીજ બોલ બનાવવાનો રેકોર્ડ આજે અહીં બનાવવા આવ્યો છે. આ બીજ બોલ પર્યાવરણની જાણવણી માટે ઉપયોગી બની રહેશે, તેમ જણાવી પ્રત્યેક વ્યક્તિને પર્યાવરણ જાળવણીમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સાંસદ મિતેષભાઇ પટેલ, દેવુસિંહ ચૌહાણ, કલેક્ટર પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપના, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ ડો. સી.કે. ટીંબડિયા, આર્ટ ઓફ લિવિંગના સેજલબેન સ્વામી સહિત એસ.વી.આઈ.ટી. કોલેજના અધ્યાપકગણ, વિદ્યાર્થીઓ અને શ્રી રવિશંકરજીના અનુયાયીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.






# રાજકોટ રિંગ રોડ-૨નું કામ ત્રણ તબ્બકામાં થશે પૂર્ણ

## ટેન્ડર બહાર : ૨૯ નવેમ્બરે એજન્સીઓના ભાવ ખૂલશે

નવીદિલ્હી, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકા રાજકોટને જેટ ગતિએ દોડાવવા માટે ભારે મહેનત કરી રહ્યું છે. આવનારા દિવસોમાં આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ માં અનેકવિધ વિકાસ કામોને જેટ ગતિ આપવા માટે હાલ અનેકવિધ યોજનાઓની અમલવારી શરૂ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકાએ રિંગ રોડ બેને સિક્સલેન બનાવવા માટેનો નિર્ણય કર્યો હતો જે પૈકી ત્રણ ભાગમાં કામ વહેંચવા માટેનું ટેન્ડર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ ત્રણેય ટેન્ડરમાં કુલ ખર્ચ ૧૧૦.૧૧ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે હવે જ્યારે ૨૯ નવેમ્બરે એજન્સીઓના ભાવ ખૂલશે ત્યારે ખરેખર ખર્ચ ખબર પડશે. દિવાળી પહેલાં ટેન્ડર કરીને મનપાએ કામ આટોપી લીધું છે દિવાળી બાદ ૮ તારીખે પ્રિ બીડ બેઠક નક્કી કરાઈ છે ત્યારબાદ પણ ભાવમાં ફેરફાર થાય તેવી શક્યતા છે.

જામનગર હાઈવેથી કણકોટ ચોકડી સુધીનો રિંગ રોડ-૨નો ભાગ મનપાના વિસ્તારમાં આવે છે. આ રસ્તો સિક્સલેન કરવા માટે સરકાર પાસે મંજૂરી માગવામાં આવી હતી જે મંજૂર થઈ જતા ટેન્ડર કરાયું છે. એક જ એજન્સીને ૯ કિ.મી. રોડ બનાવવાનું કામ આપવાને બદલે ૩ કટકા કરી દેવાયા છે જેથી એક જ સાથે કામ ચાલુ થાય અને ૧૫ માસમાં કામ પૂરું થાય તેવો હાલ ટાર્ગેટ છે. જામનગર રોડથી સ્માર્ટ સિટી સુધીના ૨.૧ કિ.મી. રસ્તો પેકેજ ૧ નામ અપાયું છે જેનો ખર્ચ ૩૦.૮૪ કરોડ ટેન્ડરમાં લખ્યો છે.

સ્માર્ટ સિટીથી કટારિયા ચોકડી સુધીનો ૩.૯ કિ.મી.નો રસ્તો પેકેજ ૨ તરીકે ૪૬.૮૨ કરોડના ખર્ચ સાથે નોંધાયો છે. જ્યારે કટારિયા ચોકડીથી કણકોટ ચોકડી સુધીના ૨.૭૯ કિ.મી.ના માર્ગને પેકેજ ૩ તરીકે ૩૨.૪૫ કરોડના ખર્ચ સાથે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૨૪ નવેમ્બર છે અને ૨૯ નવેમ્બરે પ્રાઈઝ બિડ ખૂલશે ત્યારે જે એજન્સીઓ આવી છે તેમણે ભરેલા ભાવ મુજબ ખર્ચ નક્કી થશે. જામનગર હાઈવેથી ગોંડલ હાઈવે સુધી રિંગ રોડ-૨ સિક્સલેન થઈ રહ્યો છે. જામનગર હાઈવેથી કણકોટ ચોકડી સુધી મનપા અને ત્યારબાદનો ભાગ રૂડા બનાવી રહ્યું છે. સિક્સલેન રોડ પર બંને સાઈડ વચ્ચે જગ્યા ખાલી રાખવામાં આવી છે. આ જગ્યામાં બીઆરટીએસ બસ માટેનો ટ્રેક બનાવવાનો છે. જોકે અત્યારે ટ્રેક બનાવવાની જરૂરિયાત નથી કારણ કે, ત્યાં હજુ સુધી માનવ વસ્તી એટલી વધારે નથી. જ્યારે આખા રિંગ રોડ પર વસાહતો તેમજ અન્ય સુવિધાઓ શરૂ થશે ત્યારે આ વચ્ચેની જગ્યા પર બીઆરટીએસ ટ્રેક બનાવવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા હવે એ દિશામાં કામગીરી કરી રહ્યું છે કે જે પણ પ્રોજેક્ટ બનાવનાર કંપની હોય તેમના દ્વારા કોઈપણ રીતે ગેરરીતી આચરવામાં આવશે તો જે તે પ્રોજેક્ટને ફરી વખત રીનોવેટ કરવો અને રીપેર કરવો ખૂબ આવશ્યક બનશે અને તેની જવાબદારી પણ એજન્સીની જ રહેશે. રાજકોટમાં અનેકવિધ પ્રોજેક્ટમાં એજન્સી દ્વારા ગેરરીતિ કરવામાં આવેલી છે પરંતુ હવે ભવિષ્યમાં આ પ્રકારની કોઈ સ્થિતિ ઊભી ન થાય તે માટેનો આ નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે જોવામાં એ રહ્યું કે બાકી રહેતા વિકાસ કામો ને કઈ રીતે જેટ ગતિ આપવામાં આવે અને ઝડપભેર અને ગુણવત્તા યુક્ત રીતે કેમ પૂર્ણ કરાય તે આવનારો સમય જ જણાવશે.

# સરકારી વર્ગ ત્રણના કર્મચારીએ હવે મિલકતોની પણ આપવી પડશે માહિતી

## કર્મયોગી એપ્લિકેશન પર તમામ માહિતી અચૂક ભરવાની : ૨૦ નવેમ્બર સુધી તેમની પાસે કેટલી મિલકત છે તેની પણ નોંધણી કરવી ફરજિયાત

રાજકોટ, તા. ૧

દિવાળી પર્વ નિમિત્તે રાજ્ય સરકારે કર્મચારીઓને સારા સમાચાર તો આપ્યા છે પરંતુ મહત્વનું એ છે કે આ દિવસે રાજ્ય સરકાર દ્વારા આકરા નિયમો પણ લાગુ કરવામાં આવ્યા છે જેમાં વર્ગ ૩ ના કર્મચારીઓએ હવે ઓનલાઇન એપ્લિકેશન મારફત નોંધણી કરાવવાની રહેશે એટલું જ નહીં કર્મયોગી એપ્લિકેશન પર તમામ માહિતી અચૂક ભરવાની રહેશે અને ૨૦ નવેમ્બર સુધી તેમની પાસે કેટલી મિલકત છે તેની પણ નોંધણી કરવી ફરજિયાત છે આ કરવાથી રાજ્ય સરકાર શું કરવા માંગે છે તેનો કોઈ ખ્યાલ નથી પરંતુ એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે હવે રાજ્ય સરકાર આકરા નિયમો અને આંકડા પગલાંઓ કર્મચારીઓ ઉપર પણ લેશે.

દિવાળી બાદ ગુજરાત સરકારમાં ફરજ બજાવતા અધિકારીઓને મિલકતને લઈ નોંધણી કરવાની રહેશે,વર્ગ ૩ ના અધિકારીઓને આ નોંધણી ઓનલાઈન એપ્લિકેશ મારફતે કરવાની રહેશે.કર્મયોગી એપ્લિકેશન પર તમામ માહિતી ભરવાની રહેશે અને ૨૦ નવેમ્બર સુધી મિલકતની વિગતો ભરવાની રહેશે,સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર કરાયો છે જાહેર . રાજ્યની તમામ સરકારી શાળામાં ફરજ બજાવતાં શિક્ષકોની મિલત જાહેર થાય એ માટે સરકાર દ્વારા સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણય મુજબ રાજ્યની તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં અંદાજે અઢી લાખ જેટલા શિક્ષકોએ તેમની સ્થાવર અને જંગમ મિલકત જાહેર કરવી પડશે.રાજ્ય સરકારના ૠઅઉ વિભાગ દ્વારા લેવાયેલ આ નિર્ણયના અનુસંધાને પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા તમામ જિલ્લાના ડીપીઈઓ અને જિલ્લા શિક્ષણ સમિતિને પરિપત્ર મોકલવામાં આવ્યો છે. પોતાના તેમજ પરિવારના સભ્યોના નામે હોય તેવી મિલકત પણ જાહેર કરવા સૂચના આપવામાં આવી છે.



આ વખતે ૧૫ જુલાઈ સુધીમાં ફરજિયાત કર્મયોગી સોફ્ટવેર દ્વારા સરકારના વર્ગ ૩ ના કર્મચારી અધિકારીઓએ પોતાની તમામ મિલકતો અને સ્થાવર મિલકતની વિગતો ઓનલાઇન ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજ્ય સરકારમાં વર્ગ એક અને વર્ગ બે ના અધિકારીઓ દ્વારા જાન્યુઆરી મહિના સુધીમાં પોતાની સ્થાવર મિલકત દર વર્ષે જાહેર કરવી પડે છે. આવા વર્ગ એક અને વર્ગ બેના કર્મચારીઓને પણ માર્ચ મહિનાના અંત સુધીમાં ફરજિયાત તેમની સ્થાવર અને જંગમ મિલકત જાહેર કરવી પડશે. જો કોઈ કર્મચાર આ પ્રકારની માહિતી આપી શકતો નથી અથવા તો જાહેર ન કરે તો સરકાર દ્વારા પગાર અટકાવવા સહિતના પગલાં ભરવામાં આવી શકે છે. રાજ્ય સરકારના વર્ગ ૧ થી વર્ગ ૩ ના કર્મચારીઓની વર્ષ દરમિયાન જંગમ મિલકતમાં થયેલા ફેરબદલની પણ નોંધ કરવી પડશે.

રાજય સરકારના તમામ વર્ગ-૩ ના કર્મચારીઓ માટે ચાલુ વર્ષથી રાજ્ય સરકારના રાજયપત્રિત અધિકારીઓની જેમ વાર્ષિક ધોરણે મિલકત પત્રક ભરવાની જોગવાઇના જાહેરનામાથી લાગુ પાડવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમોના નિયમ ૧૯ના પેટા નિયમ (૧), (૨) અને (૩) ની જોગવાઈ મુજબ, રાજ્ય સરકારના તમામ કર્મચારીઓએ સરકાર હેઠળની તેની પ્રથમ નિમણૂંક વખતે અને ત્યારબાદ દર વર્ષે અને વર્ષ દરમિયાન સ્થાવર કે જંગમ મિલકતના વ્યવહારો કરતી વખતે પ્રવર્તમાન સૂચનાઓ મુજબ નિયત કરેલ નમૂનામાં ''કર્મયોગી સોફ્ટવેરમાં સક્ષમ સત્તાધિકારી/સંવર્ગ સંચાલકને વિગતો અચૂક રજૂ કરવાની રહેશે.

આ નિર્ણય બાદ રાજ્ય સરકારના કર્મચારીઓએ એ વાતની સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે આ અંગે જે નોંધણી કરવાની છે તે નિર્ણય ઘણાખરા અંશે હેરાન કરે તે મુજબનો છે જેના પર સરકારે ખરા અર્થમાં ગંભીરતાથી વિચાર કરવો ખૂબ જરૂરી અને આવશ્યક પણ છે.

# રાજકોટ જિલ્લા ભાજપ પ્રભારી ધવલભાઇ દવે અને રા.લો. સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાનો આજે જન્મદિવસ





રાજકોટ મિરર, તા.૧

રાજકોટ લોધિકા ખરીદ-વેંચાણ સંઘના ચેરમેન, ગોંડલ શહેર ભાજપ પ્રભારી, જીવન કોમર્શિયલ બેન્કના પૂર્વ મેનેજીંગ ડીરેક્ટર, ગોંડલ શહેર ભાજપ પ્રભારી એવા નરેન્દ્રસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે. જીવનના ૬૩ વર્ષ પુરા કરી તેઓ આજે ૨ જી નવેમ્બરે ૬૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે ત્યારે પરિવારજનો, મિત્ર વર્તુળ, સહકારી આગેવાનો, અકિલા પરિવાર તેમજ રાજકોટ મિરર પરિવાર તરફથી તેઓને જન્મદિવસની ઢેર સારી શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

મધ્યમ વર્ગમાં જન્મેલા નરેન્દ્રસિંહ જાડેજાએ કોલેજકાળ પૂર્ણ કરી અકીલામાં પત્રકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. અકિલાના મોભી કિરીટભાઈ ગણાત્રા અને તંત્રી અજીત કાકાની છત્રછાયામાં તેમનું પત્રકારિત્વ સોળે કળાએ ખીલી ઉઠ્યું હતું. નવનિર્માણ આંદોલનમાં પણ તેઓએ પત્રકાર તરીકેની સક્રિય ભૂમિકા ભજવી સારી એવી નામના મેળવી હતી.

પત્રકાર ક્ષેત્રે કારકિર્દી શરુ કર્યા બાદ જીવન કોમર્શિયલ બેંકમાં તેઓ ડીરેક્ટર બન્યા હતા અને સહકારી ક્ષેત્રે પ્રદાર્પણ કરી એક પછી એક સીડી ચડતા ગયા હતા. લાઈફ મિશનના પ્રણેતા શ્રીશ્રી રાજર્ષિ મુનિના આશીર્વાદથી તેઓ જીવન કોમર્શિયલ બેન્કના મેનેજીંગ ડીરેક્ટર બન્યા હતા. ત્યારબાદ સહકારી ક્ષેત્રે વધુ એક સિદ્ધિ મેળવી એશિયાની અગ્રગણ્ય સંસ્થા રાજકોટ - લોધિકા સહકારી સંઘના તેઓ ચેરમેન બન્યા હતા.

સહકારી ક્ષેત્રે તેઓની કામગીરીની ભાજપ સરકારે તેમની કદર કરીને સતત બીજી ટર્મમાં રા.લો. સંઘના ચેરમેન પદે રીપીટ કર્યા હતા.

સહકારી ક્ષેત્રે સેવા કાર્ય ચાલુ રાખતા નરેન્દ્રસિંહ જાડેજાને વધુ એક જવાબદારી સોંપવામાં આવી હતી. ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે અને જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ નરેન્દ્રસિંહ જાડેજાની કામગીરીની કદર કરી સંગઠનની વધુ એક જવાબદારી સોંપી ગોંડલ શહેર ભાજપ પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

આજની ભાગદોડ ભરી લાઇફમાં પણ નરેન્દ્રસિંહ જાડેજાનું જીવન સરળ અને સાદગી ભર્યું રહ્યું છે. રાત્રે ગમે તેટલા વાગ્યે સુવે પરંતુ સવારે ૫:૦૦ વાગ્યે તેઓ શહેરથી ૨૦ કીમી દુર પોતાની ગૌશાળા ખાતે પહોંચી જાય છે અને ગૌશાળામાં ૨૦૦ જેટલી ગાયની સેવા ચાકરી કરી પોતાના દિવસનો પ્રારંભ કરે છે. તેમના નિત્યક્રમમાં ગૌશાળા ખાતે આવેલ સાત હનુમાનજીના મંદિરની પૂજાથી જ પ્રારંભ કરે છે એટલું જ નહિ પરંતુ ગૌશાળામાં રહેલી ૨૦૦ જેટલી ગાયોને નામથી બોલાવે છે અને નામ લેતાની સાથે જ ગૌમાતા દોટ મુકે છે.

## જીલ્લા ભાજપના પ્રભારી ધવલભાઈ દવેનો આજે જન્મદિવસ





રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવેનો આજે ૨-૧૧-૨૦૨૪ ના રોજ જન્મ દિવસ છે. તા.૨-૧૧-૧૯૮૧ના રોજ ભાવનગર ખાતે જન્મ પામનાર ધવલભાઈ દવે આજે ૪૩ વર્ષ પૂર્ણ કરી ૪૪માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે ત્યારે મિત્ર વર્તુળ, પરિવારજનો અને ભાજપ દ્વારા તેઓને જન્મ-દિવસ નિમિતે અભિનંદનની વર્ષા થઇ રહી છે.

મૂળ ભાવનગરના વતની ધવલભાઈ : દવેએ ભાવનગર યુનિવર્સીટીમાં જ એમ.કોમ સુધી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રાજકીય શેત્રે પદાર્પણ કર્યું હતું. શરૂઆત-માં ૧૯૯૮થી ૨૦૦૨ દરમિયાન તેઓ અખિલ ભારતીય વિધાર્થી પરિષદ શિહોર, ભાવનગર યુનીવર્સીટી અને વિવિધ જવાબ-દારીઓ સાંભળી હતી. ત્યારબાદ વિદ્યાર્થી વિસ્તારક તરીકે પોરબંદર અને મોડાસામાં પણ યોગદાન આપ્ય કતું.

૨૦૦૨ માં તેમને શિહોર શહેર યુવા ભાજપના મહામંત્રીની જવાબદારી સોપવામાં આવી ફતી. ત્યારબાદ ૨૦૦૬માં ભાવનગર જીલ્લા યુવા મોરચા મંત્રીની જવ-ાબદારી સોંપવામાં આવી હતી. ભાવનગર ખાતે વિધાર્થી કાળથી યુવા મોરચાની તેમની કામગી-રીની કદર ફરીને સંગઠન દ્વારા ૨૦૧૦માં તેઓને ગુજરાત પ્રદેશ યુવા મોરચાના મંત્રી અને બાદમાં ૨૦૧૪માં યુવા મોરચા ઉપપ્રમુખની જવાબદારી સોંપવામાં આવી હતી.

સંગઠન ક્ષેત્રે એક પછી એક પગથીયા ચડીને તેઓ રાજકીય ક્ષેત્રે આગળ વધતા રકા હતા. ૨૦૧૦થી ૨૦૧૯ દરમ્યાન પ્રદેશ યુવા ભાજપ દ્વારા ધવલભાઈ દવેને જામનમર શહેર જીલ્લો, જૂનાગઢ અને અમરેલી જીલાના પ્રભારી તરીકે નિમણુંક આપવામાં આવી હતી. સૌરાષ્ટ્રના રાજકારણના રગે રગથી વાકેફ ધવલભાઈ દવેને સોંપવામાં આવતી જવાબદારી ખંતથી નિભાવતા ગયા હતા અને ઉત્તરોત્તર પ્રગતિ કરતા ગયા હતા. , છેલ્લે તેઓને રાજકોટ જીલાના પ્રભારી તરીકે નિમણુક આપવામાં આવી છે.

અને આ કામગીરી તેઓ સત્વરે નિભાવી રહ્યા છે.

છેલ્લા ૧૦ વર્ષમાં બુથથી લઈને પ્રદેશ કક્ષાની કામગીરીમાં તેઓ નિપુણ થઇ ગયા છે. અને પ્રદેશ ભાજપની યાત્રા દરમ્યાન તેઓ પોતાની જવાબદારી નિભાવે છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# દરિયા પાર ભગવો અપાર

## નવું વર્ષ, નવી દ્રષ્ટિ ગુજરાત બાદ અમેરિકાની રાજનીતિમાં પણ કેસરિયો




પડતર દિવસ બાદ આજે નવા વર્ષની ધમધોકાર ઉજવણી થઇ રહી છે. ‘‘રાજકોટ મિરર‘‘ દૈનિક પણ વાચકોને નૂતન વર્ષના અભિનંદન - શુભેચ્છા પાઠવે છે. કથા અનુસાર ૧૪ વર્ષના વનવાસ બાદ ભગવાન શ્રી રામ, સીતાજી, લક્ષ્મણ અયોધ્યા પરત ફર્યા હતા. રામ રાજ્યનો પાયો નંખાયો હતો. આ પ્રસંગ પણ દિપાવલી રૂપે ઉજવાઈ રહ્યો છે. શ્રી રામચન્દ્રજીએ આદર્શ રાજનીતિ અને આદર્શ રાજ્યની સ્થાપના કરી હતી.

આઝાદી બાદની ભારતની રાજનીતિનો પણ આવતીકાલે ઐતિહાસિક દિવસ છે. ૩ નવેમ્બર ૧૯૪૮ ના દિને પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ સયુંકત રાષ્ટ્ર મહાસભામાં પ્રથમ સંબોધન કર્યું હતું.

ભારત મહાન છે, વિરાટ છે, વૈવિધ્યથી ભરપૂર છે, પૃથ્વીના ગોળા પરનો વિશિષ્ટ દેશ ભારત છે. જો કે આઝાદી બાદ ભારતની આ કોઈ વિશેષતાઓ વિશ્વ સમક્ષ ઉજાગર ન થઇ. પાંચ-છ દાયકા સુધી ભારત ગરીબ, પછાત, અલ્પવિકસિત અને સમસ્યાઓથી ભરેલો બિચારો દેશ તરીકે જ વિશ્વ નિહાળતુ રહ્યું.

દેશની આવી આભાના કારણે નાના મોટા દેશો ભારત પર હાવી રહેતા હતા. એક દાયકા પૂર્વે દેશના રાજકીય તખ્તા પર મોદીત્વનું આગમન થયું. માત્ર દેશમાં જ નહિ, વિશ્વભરમાં ભારતની આભા બદલાવા લાગી. દશ વર્ષના ટૂંકાગાળામાં માત્ર ભારતનો જ નહીં, સનાતનનો પ્રભાવ વિશ્વ પર હાવી થઈ ગયો છે. ભારતમાં રાજનૈતિકક્ષેત્રે દાયકાઓથી પ્રસ્થાપિત બિનસાંપ્રદાયિકતાના ગતકડાં અને ખુશામતિયા મુજરાને બ્રેક લાગી ગઈ છે.

‘ભગવો આતંકવાદ’ જેવા શબ્દો વાપરનારાને જનેઉધારી બનવું ફરજિયાત થઈ ગયું છે. દેશની રાજનીતિમાં ભગવા વિચારને કોઈ અવગણી શકે તેમ નથી. આ પ્રભાવ પ્રસ્થાપિત થઈ ચુકયો છે.

માત્ર ભારતમાં જ નહીં, વિશ્વભરમાં ભારતને અને ભગવા પ્રભાવને અવગણવું મુશ્કેલ બની ગયું છે. અમેરિકા મહાસત્તા ગણાય છે. તેનો આર્થિક અને સૈન્ય પ્રભાવ મોટાભાગનાં દેશો પર હાવી છે. પ્રભાવી અમેરિકાના સર્વોચ્ચપદ રાષ્ટ્રપતિપદની ચૂંટણી ચાલી રહી છે. એક-સવા દાયકા પૂર્વે અમેરિકા ભારતીયોને ગરીબ-પછાત માનતું હતું. આજે અમેરિકાએ રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ભગવા રંગે રંગાવું ફરજિયાત બન્યું છે.

રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે ઘણાં દિવસથી ચૂંટણી પ્રચારમાં હિન્દુ રાગ છેડયો છે. ટ્રમ્પે હિન્દુઓને દિપાવલીની શુભેચ્છા આપીને બાંગ્લાદેશમાં થતાં હિન્દુઓ પરના હુમલા વખોડયા હતાં. ટ્રમ્પના હરીફ કમલા હેરીસ ભારતીય મુળના છે. ટ્રમ્પ હિન્દુ મતોને પોતાની તરફ આકર્ષવા મરણિયા બન્યા છે.

આ ભગવો તાકાત છે. દેશમાં જ નહીં, દરિયાપાર પણ પ્રભાવ સ્થપાઈ રહ્યો છે. દશ વર્ષમાં ભારત પ્રત્યેના દ્રષ્ટિકોણમાં વિશ્વમાં અમુલ પરિવર્તન આવ્યું છે. ભારતમાં પણ નવા વર્ષે દેશ પ્રત્યે નવી દ્રષ્ટિ ખોલવી જોઈએ.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ખડગેની કોંગ્રેસને ટકોર : લોકોને જે આપી શકો તેની જ ગેરંટી આપો

## કર્ણાટક સરકાર હાલ આર્થિક સંકટમાં : મહારાષ્ટ્રને જોઈને આપવામાં આવી છે કર્ણાટકમાં ગેરંટી

નવીદિલ્હી, તા. ૧

કર્ણાટક વિધાનસભા ચૂંટણી જીતવા માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા વિવિધ ગેરંટી યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. રાજ્યના લોકોને પાંચ પ્રકારની સુવિધા વિનામૂલ્યે આપવાની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યની જનતાએ વિશ્વાસ વ્યક્ત કર્યો અને કોંગ્રેસની સરકાર બની. આ અંગે ગર્વની લાગણી અનુભવતા, દેશની સૌથી જૂની પાર્ટીએ મહારાષ્ટ્રના મતદારોને પાંચ ગેરંટી આપી છે જેઓ આગામી વિધાનસભાની ચૂંટણીમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. જો કે કર્ણાટકની ૫ ગેરંટી સ્કીમ કોંગ્રેસ માટે મોંઘી સાબિત થઈ રહી છે.

સરકાર શક્તિ કાર્યક્રમને સમાપ્ત કરવાનું વિચારી રહી હતી જેમાં તેમનો સમાવેશ થતો હતો. આ વિવાદને જોતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પોતાની જ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે જનતાને એટલું જ વચન આપવું જોઈએ, જેનું પાલન કરવું આપણા માટે શક્ય છે. ત્યારે કોંગ્રેસ સરકારને સ્પષ્ટતા કરવાની ફરજ પડી હતી કે ચાવીરૂપ 'ગેરંટી' યોજનાઓને રદ કરવામાં આવશે નહીં.

ખડગેએ ગુરુવારે નાયબ મુખ્યપ્રધાન ડીકે શિવકુમારને એમ કહીને ખેંચ્યું કે લોકપ્રિય 'શક્તિ' કાર્યક્રમ પર પુનર્વિચાર કરવામાં આવશે. ‘‘તમારી પાંચ ગેરંટી જોઈને, મેં મહારાષ્ટ્રમાં પાંચ યોજનાઓની જાહેરાત કરી છે. પરંતુ તમે કહ્યું છે કે એક ગેરંટી રદ કરવામાં આવશે,‘‘ ખડગેએ કહ્યું. અગાઉ બુધવારે, ડીકે શિવકુમારે કહ્યું હતું કે સરકાર મહિલાઓ માટે મફત બસ મુસાફરીની 'શક્તિ'



યોજના પર પુનર્વિચાર કરશે કારણ કે તેમાંથી કેટલીક તેમની ટિકિટ માટે ચૂકવણી કરવા માંગે છે.

ખડગેની ટીકા બાદ સ્પષ્ટતા કરતા ડીકે શિવકુમારે કહ્યું કે, મેં એવું કહ્યું નથી. આના પર ખડગેએ વળતો જવાબ આપ્યો અને કહ્યું, ‘‘આ જોઈને મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ સ્પષ્ટતા કરી હતી કે તેમના નાયબનો અર્થ એ છે કે આ યોજનામાં સુધારો કરવામાં આવશે જેઓ ટીકા કરવા માગે છે તેમના માટે તે જ પર્યાપ્ત છે.

ખડગેએ કહ્યું કે તેમણે મહારાષ્ટ્ર કોંગ્રેસને ફાઇનાન્સ પર આધારિત ગેરંટીનું આયોજન કરવા કહ્યું છે. તેમણે કહ્યું, ‘‘મેં કહ્યું છે કે તેઓએ ૫, ૬, ૧૦ કે ૨૦ ગેરંટી જાહેર કરવી જોઈએ નહીં. બજેટના આધારે તેની જાહેરાત કરવી જોઈએ. નહીં તો નોટબંધી થશે.

જો રસ્તા માટે પૈસા નહીં હોય તો બધા તમારી વિરુદ્ધ હશે. ખડગેએ કહ્યું કે રાહુલ ગાંધી એ વાત પર ખાસ ધ્યાન આપે છે કે મહારાષ્ટ્રમાં પાર્ટીના 'ગેરંટી' વચનો વાસ્તવિક હોવા જોઈએ. તેમણે કહ્યું, ‘‘તેઓએ કહ્યું છે કે તેઓ બજેટ જોયા પહેલા કોઈ જાહેરાત કરશે નહીં. અમને લગભગ ૧૫ દિવસ પહેલા રિપોર્ટ મળ્યો છે અને અમે નાગપુર અથવા મુંબઈમાં તેની જાહેરાત કરીશું. તેણે ૧૦ વર્ષ સુધી દેશનિકાલમાં રહેવું પડશે.

આ પછી ડીકે શિવકુમારે એ પણ સ્પષ્ટતા કરી હતી કે પાંચ ગેરંટીમાંથી કોઈ પણ બંધ કે સમીક્ષા કરવામાં આવશે નહીં. તેણે કહ્યું, ‘‘મેં કહ્યું હતું કે કેટલાક ખાનગી કંપનીના કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળી રહ્યું છે અને તેઓ સ્વેચ્છાએ ટિકિટ માટે પૈસા ચૂકવવા માટે આગળ આવ્યા છે, તો અમે તેને કેવી રીતે દબાણ કરી શકીએ?‘‘ તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કોલનું ઉદાહરણ પણ આપ્યું જેમાં તેમણે નાગરિકોને ગેસ સિલિન્ડરની સબસિડીની જરૂર ન હોય તો છોડી દેવા કહ્યું હતું.

# ઝારખંડના CM હેમંત સોરેનની ઉંમરને લઈ વકર્યો વિવાદ

## બરહેત વિધાનસભા બેઠકના ઉમેદવાર તરીકેના ઉમેદવાર તરીકે તેમણે દાખલ કરેલી એફિડેવિટમાં તેમણે તેમની ઉંમર ૪૯ વર્ષ જણાવી : ભાજપે સાધ્યું નિશાન

નવીદિલ્હી તા. ૧

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની ઉંમરને લઈને વિવાદ ઉભો થયો છે. સંથાલ પરગણાની બરહેત વિધાનસભા બેઠક પરથી ઝારખંડ મુક્તિ મોરચાના ઉમેદવાર તરીકેના ઉમેદવાર તરીકે તેમણે દાખલ કરેલી એફિડેવિટમાં તેમણે તેમની ઉંમર ૪૯ વર્ષ જણાવી છે. આ પહેલા ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં આ જ સીટ પરથી ચૂંટણી લડતી વખતે તેણે એફિડેવિટમાં પોતાની ઉંમર ૪૨ વર્ષ જાહેર કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ આના પર સવાલો ઉઠાવ્યા છે અને તેમની ઉમેદવારી રદ કરવાની માંગ કરી છે. ભારતીય જનતા પાર્ટી એ એફિડેવિટમાં હેમંત સોરેને રજૂ કરેલી સંપત્તિની વિગતોને લઈને પણ સવાલો ઉઠાવ્યા છે. આ વર્ષે, તેમની સંપત્તિની વિગતો આપતા, તેમણે આવી ઘણી જમીનોની વિગતો આપી છે, જે તેમણે ૨૦૧૯ પહેલા ખરીદી હતી, પરંતુ તે સમયે નોમિનેશન પેપરમાં તેનો ઉલ્લેખ નહોતો. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી દરમિયાન ફાઈલ કરાયેલા નામાંકન પત્રમાં તેમણે પોતાના નામે માત્ર બે બિનખેતી પ્લોટની માલિકી જાહેર કરી હતી, જ્યારે આ વખતે તેમણે આવા ૨૩ પ્લોટની વિગતો આપી છે.



સોગંદનામા મુજબ, તેણે આમાંથી મોટાભાગના જમીન પ્લોટ ૨૦૦૬ થી ૨૦૦૮ વચ્ચે ખરીદ્યા હતા. આવી સ્થિતિમાં તેમના પર સંપત્તિની ખોટી વિગતો આપવા અને ભારતના ચૂંટણી પંચથી તથ્યો છુપાવવાનો આરોપ છે. જો કે, બારહેટ સીટ માટે ઉમેદવારી પત્રોની ચકાસણી ૩૦ ઓક્ટોબરના રોજ થઈ ચૂકી છે અને હેમંત સોરેનનું નામાંકન સ્વીકારવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટીના રાજ્ય પ્રવક્તા પ્રતુલ શાહદેવે કહ્યું છે કે મુખ્ય પ્રધાન હેમંત સોરેને ઉમેદવારી નોંધાવતી વખતે છેતરપિંડી કરી છે. તેણે જવાબ આપવો પડશે કે પાંચ વર્ષમાં તેની ઉંમર સાત વર્ષ કેવી રીતે વધી. એટલું જ નહીં, તેણે ચૂંટણી પંચથી પોતાની સંપત્તિની વિગતો પણ છુપાવી હતી. આ ગંભીર બાબત છે. અમારો પક્ષ તેમના નામાંકનને રદ કરવા પંચ સમક્ષ માંગ કરી રહ્યો છે. બરહેટથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ગમાલીલ હેમબ્રામે પણ આ અંગે રિટર્નિંગ ઓફિસરને ફરિયાદ કરી છે. જ્યારે આ મામલો સામે આવ્યો ત્યારે ઝારખંડ મુક્તિ મોરચાના પ્રવક્તા મનોજ પાંડેએ કહ્યું કે તમામ તથ્યો સામે છે. પોતાની હાર નિશ્ચિત જોઈને ભારતીય જનતા પાર્ટી આવો વિવાદ સર્જી રહી છે.

આગામી ઝારખંડ વિધાનસભાની ચૂંટણી ૧૩ અને ૨૦ નવેમ્બરે યોજાશે, જેના પરિણામો ૨૩ નવેમ્બરે જાહેર કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયામાં ૬૬ લાખ યુવા મતદારો અને ૧૨ લાખ પ્રથમ વખતના મતદારો સહિત ૨.૬૦ કરોડ મતદારો સામેલ થશે, જેઓ ૮૧ બેઠકો માટે પ્રતિનિધિઓને ચૂંટશે. ૨૦૧૯ના ચૂંટણી પરિણામોમાં, જેએમએમને ૩૦ બેઠકો, ભાજપને ૨૫ અને કોંગ્રેસને ૧૬ બેઠકો મળી હતી.



## દિવાલને ઘસતા, વાસણો ઉપાડતા અને દિવાલ પર પુટ્ટી લગાવતા જોવા મળ્યા

# રાહુલ ગાંધીએ મજૂરો સાથે ઉજવી દિવાળી

નવીદિલ્હી, તા. ૧

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મજૂરો અને દિવાળી માટે દીવા બનાવનારાઓ સાથે સમય વિતાવ્યો. રાહુલે તેમની સમસ્યાઓ વિશે પૂછપરછ કરી હતી. '૧૦ જનપથ' પર કામ કરતા ચિત્રકારોની સાથે, તે દિવાલને ઘસતા, વાસણો ઉપાડતા અને દિવાલ પર પુટ્ટી લગાવતા જોવા મળ્યા હતા. તેણે દીવો પણ કર્યો. આ માટે, માટીને પાઉન્ડિંગ કર્યા પછી, તેને પણ ગૂંથવામાં આવે છે. રાહુલ અને પ્રિયંકા ગાંધીના પુત્ર રેહાને કાર્યકરોની સમસ્યાઓ પર લાંબી વાતચીત કરી હતી. તેમણે કહ્યું કે જે કામ કરે છે તેનું સન્માન થતું નથી.

દિવાળીના અવસર પર રાહુલ ગાંધીએ એક વીડિયો પણ શેર કર્યો છે. આમાં તેમની સાથે પ્રિયંકા ગાંધીનો પુત્ર રેહાન પણ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરતી વખતે રાહુલે કેપ્શન આપ્યું, 'જેમની મહેનતે ભારતને રોશન કર્યું છે તેમની સાથે દિવાળી'. રાહુલે કહ્યું કે સામાન્ય રીતે દિવાળી દરમિયાન તહેવારોને ઉજ્જવળ કરનારાઓની મહેનત પર લોકો ધ્યાન આપતા નથી. દેશની જનતાને અપીલ છે કે આ મહેનતુ લોકોની મહેનતનું સન્માન કરો.

રાહુલ ગાંધીએ ચિત્રકારો અને કુંભારો પાસેથી જાણવાનો પ્રયાસ કર્યો કે કાર્યકરોને કયા પડકારોનો સામનો કરવો પડે છે. રાહુલે કુંભારો અને ચિત્રકારોની સમસ્યાઓ અને સંઘર્ષ વિશે પૂછપરછ કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, લોકો સામાન્ય રીતે દિવાળીની ખુશી વિશે નથી વિચારતા, આ ખુશીને વાસ્તવિકતામાં પરિવર્તિત કરનારા લોકો છે.

# વકફ બોર્ડના પૂર્વ અધ્યક્ષ બ્રાહ્મણમાંથી બન્યા ઠાકુર

## જીતેન્દ્ર નારાયણ સિંહ સેંગરે ઈસ્લામ છોડીને વર્ષ ૨૦૨૧માં હિંદુ ધર્મ અપનાવ્યો' તો

નવીદિલ્હી, તા. ૧

ઈસ્લામ છોડીને હિંદુ ધર્મ અપનાવનાર શિયા વક્ફ બોર્ડના પૂર્વ અધ્યક્ષ વસીમ રિઝવીએ હવે પોતાની જાતિ બદલી છે. તેણે પોતાનું નામ બદલીને જીતેન્દ્ર નારાયણ સિંહ સેંગર રાખ્યું છે. હવે તે ત્યાગી બ્રાહ્મણમાંથી ઠાકુર બની ગયા છે. તેણે ઈસ્લામ છોડીને વર્ષ ૨૦૨૧માં હિંદુ ધર્મ અપનાવ્યો. પછી તેણે પોતાનું નામ બદલીને જીતેન્દ્ર નારાયણ ત્યાગી રાખ્યું. રિઝવીએ પોતાના નિવેદનમાં કહ્યું હતું કે હું ઘરે પરત ફર્યો છું. જિતેન્દ્ર નારાયણ સિંહ સેંગરે પણ દિવાળીના અવસર પર તમામને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. પોતાના નવા નામની પણ જાહેરાત કરી. જ્યારે વસીમ રિઝવીએ ઈસ્લામ છોડીને હિંદુ ધર્મ અપનાવ્યો ત્યારે તે ચર્ચામાં આવ્યો હતો. હવે જિતેન્દ્ર નારાયણ સિંહ સેંગર ૨૦૧૭માં ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથની સરકાર આવ્યા બાદથી સમાચારોમાં છે. મદરેસા શિક્ષણને આતંકવાદ સાથે જોડતી અને કુતુબમિનારને હટાવવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કર્યા બાદ તે ચર્ચામાં આવ્યા હતા.

રિઝવીએ તે સમયે દાવો કર્યો હતો કે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ ઉગ્રવાદી વિચારધારાને પ્રોત્સાહન આપે છે, આ નિવેદન બાદ શિયા અને સુન્ની બંને સમુદાયના લોકોએ તેમનો વિરોધ કર્યો હતો. શિયા અને સુન્ની એમ બંને સંપ્રદાયોના ઉલેમાઓએ તેમના વિવાદાસ્પદ મંતવ્યો પર તેમની વિરુદ્ધ ફતવા બહાર પાડીને પ્રતિભાવ આપ્યો, અને દાવો કર્યો કે તેમને ઈસ્લામમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે વસીમ રિઝવીને દસના દેવી મંદિરમાં મહંત યતિ નરસિમ્હાનંદ સરસ્વતીની હાજરીમાં પંડિતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર અને અનુષ્ઠાન દ્વારા સનાતન ધર્મ સ્વીકારવામાં આવ્યો હતો. ધર્મ પરિવર્તન બાદ વસીમ રિઝવીએ કહ્યું હતું કે સનાતન ધર્મ વિશ્વનો સૌથી પવિત્ર ધર્મ છે.

જિતેન્દ્ર નારાયણ સિંહ સેંગર (અગાઉ વસીમ રિઝવી) શિયા વક્ફ સેન્ટ્રલ બોર્ડના અધ્યક્ષ રહી ચૂક્યા છે. ૨૦૧૭માં જ્યારે ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર બની ત્યારે તેઓ પોતાના નિવેદનોને કારણે સમાચારમાં રહ્યા હતા. તેણે મદરેસાના શિક્ષણને આતંકવાદ સાથે જોડ્યું હતું અને કુતુબ મિનારને હટાવવાની માંગ કરી હતી. આ અંગે તેઓ સુપ્રીમ કોર્ટમાં અરજી કરવા પણ પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે વસીમ રિઝવીએ કુરાનની ૨૬ આયતો વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેમણે કહ્યું હતું કે આ કલમો આતંકવાદને પ્રોત્સાહન આપે છે, જેને દૂર કરવી જોઈએ. જો કે, આ પછી તેને ઈસ્લામ ધર્મમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો, જ્યારે વસીમ રિઝવી ઈસ્લામ ધર્મમાં માનતો હતો, ત્યારે તેના વિરુદ્ધ ઘણા ફતવા પણ બહાર પાડવામાં આવ્યા હતા. તેની માતા અને ભાઈએ પણ તેની સાથે સંબંધ તોડી નાખ્યા હતા. તે અવારનવાર ઈસ્લામ ધર્મના ધર્મગુરુઓ વિરુદ્ધ નિવેદન આપતો હતો, જેના કારણે તે હેડલાઈન્સમાં રહેતો હતો. તમને જણાવી દઈએ કે ૨૦૨૧માં ડાસના મંદિરના મહંત યતિ નરસિમ્હાનંદ સરસ્વતીએ વસીમ રિઝવીનું ધર્મ પરિવર્તન કર્યું હતું. તેઓ ઔપચારિક રીતે સનાતન ધર્મમાં પરિવર્તિત થયા અને તેમના ગોત્રને વત્સ કહેવામાં આવ્યું. ધર્મ પરિવર્તન બાદ વસીમ રિઝવીએ કહ્યું હતું કે સનાતન ધર્મ વિશ્વનો સૌથી પવિત્ર ધર્મ છે અને તેમાં અનેક ગુણો છે. તમને જણાવી દઈએ કે વસીમ રિઝવીએ ૬ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ધર્મ અંગીકાર કર્યો હતો.



ભાઇબંધો કેવા હોય તેના વિશે તો ઘણું લખાયુ, ગવાયું છે પણ અમુક ભેરૂ બટકી જાય તો આવી જાય બૂચ

# મિત્રએ મિત્રને છેતર્યો: પાસવર્ડ જોઇ મિત્રના ફોનમાંથી ગૂગલ પેથી નાણા ઉપાડી લીધા

## આજી વસાહતના રિક્ષાચાલકે સોડા પીધા બાદ પોતાના ફોનથી ગૂગલપે કર્યુ ત્યારે મિત્ર સમીરે પાસવર્ડ જોઇ લીધો: પછી વાત કરવાના બહાને ફોન મેળવી રૂપિયા કટકટાવી લીધા: પોલીસે દાખલ કરી એફઆઇઆર

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૧**

રાજકોટ: જિંદગીમાં દરેક માણસને મિત્ર હોય છે, કોઇક જ એવા ઐતીહાસીક પાત્રો હોય છે જેને કોઇપણ મિત્ર હોતા નથી. મિત્રો કેવા હોય તેના વિશે તો ઘણુ ઘણુ લ ખાયુ છે, ગવાયુ છે અને મિત્રતા વિશે ફિલ્મો પણ આવી છે. પરંતુ ઘણીવાર કોઇકને એવા ભેરૂબંધ-મિત્રો બટકી જતાં હોય છે જે બૂચ મારી જતાં હોય છે. દગાખોર મિત્રોના કિસ્સા અનેકવ વખત સામે આવ્યા છે. દરમિયન રાજકોટમાં એક મિત્રને છેતરીના તેના મોબાઇલ ફોનમાંથી ગૂગલપે થકી બીજા મિત્રએ નાણા કટકટાવી લેતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો આજી વસાહતમાં રહેતાં રિક્ષાચાલકને સદર બજાર હરિહર ચોકમાં તથા ભગવતીપરામાં ઘર ધરાવતાં તેના જ મિત્રએ છેતરી લીધો છે. બંને મિત્રોએ ફાકી ખાઇ સોડા પીધી ત્યારે રિક્ષાચાલકે પોતાના ફોનમાંથી ગૂગલ પેથી રૂપિયા ચુકવ્યા હોઇ તે વખતે મિત્રએ પાસવર્ડ જોઇ લીધા હોઇ બાદમાં વાત કરવાના બહાને તેણે ફોન લઇ બહાર નીકળી એક છોકરી બહાર આવી હોઇ તેની સાથે વાત કરતાં કરતાં નીકળી જઇ થોડીવાર બાદ પરત આવી ફોન આપતાં તેમાંથી ૩૧ હજારના ટ્રાન્જેક્શન થયા હોઇ આ બાબતે પુછતાં તેણે પોતે આ પૈસા ઉપાડી લીધા છે પછી આપી દેશે કહી આજ સુધી પૈસા ન દેતાં ઠગાઇનો ગુનો દાખલ થયો છે. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે આજી વસાહત ૮૦ ફુટ રોડ રામનગર આવાસ યોજના ક્વાર્ટર બ્લોક નં. ૪/૦૫માં રહેતાં ઓગણત્રીસ વર્ષના રિક્ષાચાલક શની પ્રવિણભાઇ ચૌહાણની ફરિયાદ પરથી સદર બજાર હરીહર ચોક ખાડામાં રહેતાં તેના જ મિત્ર સમીર કાસમભાઇ બ્લોચ વિરૂધ્ધ શનીનો મોબાઇલ ફોન લઇ તેની જાણ બહાર ગૂગલ પેથી બારોબાર ૩૧ હજાર ઉપાડી લઇ પરત આપ્યા નહોતાં.

છેતરાઇ ગયેલા શનીએ જણાવ્યું હતું કે હું મારા માતા સાથે રહું છું અને છેલ્લા બે વર્ષ થી રાજકોટ નાગરીક બેંકની સોરઠીયાવાડી શાખામાં બેંક એકાઉન્ટ ધરાવુ છુ, તેમજ એક વર્ષ થી ગુગલ-પેનો ઉપયોગ




કરુ છું. ગઈ તા. ૨૨/૦૯/૨૦૨૪ ના રોજ મારા મિત્ર સમીર કાસમભાઈ બ્લોચના ઘરે રાજકોટ ભગવતીપરામાં ગયો હતો તે દરમ્યાન સમીર તથા હું ભગવતીપરા મેઈન રોડ ઉપર આવેલ ડીલક્સ પાનના ગલ્લે સોડા પીવા ગયા હતાં. સોડા તથા ફાકીના રૂપિયા ૪૦ થયા હોઇ તે રૂપીયા આપવા મેં ડિલક્સ પાનના સ્કેનર કોડમાં ગુગલ-પેથી રૂપીયા ૪૦ ચુકવેલ. તે દરમ્યાન મારા મોબાઈલ તથા ગુગલ-પેના પાસવર્ડ સમીરે જોઈ લીધેલ હતાં. આ પછી અમે બન્ને સમીરના ઘરે પરત ગયેલ અને આ દરમ્યાન સમીર ના ઘરે એક અજાણી છોકરી આવેલ તે દરમ્યાન સમીરે કોઈને ફોન કરવા મારો મોબાઇલ મારી પાસે માંગેલ જેથી મેં મારો મોબાઈલ સમીરને આપેલ અને સમીરે કહેલ કે હું એક ફોન કરીને આવુ તેમ કહી સમીર ઘરની બહાર ગયેલ અને થોડીવાર થતા સમીર ઘરમાં પરત આવેલ નહીં. જેથી હું બહાર જોવા ગયેલ તો સમીર તથા અજાણી છોકરી જોવા મળેલ નહીં જેથી મેં આજુબાજુ તપાસ કરતા બન્ને મળેલ નહી. એ પછી હું સમીરના સદર બજાર હરીહર ચોક ખાડામાં આવેલ તેના બીજા ઘરે ગયેલ અને ત્યા તપાસ કરતા સમીર હાજર મળી આવેલ નહીં જેથી મે સમીરના માતા મેમુનાબહેનને જણાવેલ કે સમીર મારો મોબાઇલ લઇ ગયો છે. જેથી મેમુનાબહેને મને જણાવેલ કે હું તારો ફોન સમીર પાસેથી પરત અપાવી દઈશ.

આ પછી હું ત્યાથી નીકળી ગયેલ અને ફરીથી ભગવતીપરામાં આવેલ સમીરના ઘરે ગયેલ અને ત્યા થોડીવારમાં સમીર તથા તેના માતા મેમુનાબહેન આવેલ અને મેમુનાબહેને મારો મોબાઈલ પરત અપાવી દીધેલ. જેથી મે મારો મોબાઈલ જોતા તેમા બેટરી લો હોઇ જેથી મોબાઇલ સ્વીચ ઓફ થઇ ગયેલ અને ત્યારબાદ હું મારા ઘરે ગયેલ અને મોબાઈલ ચાર્જ કરી મારો મોબાઇલમાં ગુગલ-પે માં જોતા તેમાથી અલગ અલગ ત્રણ ટ્રાન્જેકશન થયેલ જેમા પહેલું રૂ. ૫૦૦૦ તથા બીજુ રૂ.૧૬૦૦૦ તથા ત્રીજુ રૂ. ૧૦૦૦૦ એમ કુલ રૂ.૩૧૦૦૦ મારી જાણ બહાર ઉપડી ગયેલ હોઇજેથી આ બાબતે મે સમીરને વાત કરતા સમીરે કહેલ કે હા મે તારા ગુગલ-પેમાંથી ૩૧૦૦૦ હજાર રૂપીયા ઉપાડી લીધેલ છે. મેં તેની પાસે રૂપિયા પાછા માંગતા તેણે પછી આપી દઇશ તેમ કહેલું. પરંતુ આજ સુધી રૂપિયા ન આપી વિશ્વાસઘાત કર્યો હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં શનીએ કહેતા બી-ડિવીઝન પીએસઆઇ એસ. એન. શ્યોરાએ ગુનો દાખલ કરી સમીરને પકડી લેવા તપાસ આગળ વધારી હતી.

# તિરુમ્મલા મંદિર પરિસરમાં માત્ર હિન્દુ લોકો જ કરી શકશે કામ

## ન્યુ તિરુમ્મલા આયર્લેન્ડ દેવસ્થાનમ બોર્ડના અધ્યક્ષ બી.આર નાયડુએ કરી જાહેરાત

નવીદિલ્હી, તા. ૧

ન્યૂ તિરુમાલા આયર્લેન્ડ દેવસ્થાનમ (TTI) બોર્ડના અધ્યક્ષ બી.આર. નાયડુએ જાહેરાત કરી છે. બોર્ડના નવા અધ્યક્ષ બન્યા બાદ તેમણે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે મંદિર પરિસરમાં કામ કરતા તમામ હિન્દુ લોકો ત્યાં હોવા જોઈએ. બીઆર નાયડુએ કહ્યું, તિરુમાલામાં કામ કરનાર દરેક વ્યક્તિ હિંદુ હોવો જોઈએ. આ મારો પ્રથમ પ્રયાસ હશે.



આમાં ઘણા મુદ્દાઓ છે. તેમણે કહ્યું કે આંધ્રપ્રદેશ સરકાર ટૂંક સમયમાં અન્ય ધર્મના કર્મચારીઓના ભવિષ્ય અંગે નિર્ણય લેશે. નાયડુએ એમ પણ કહ્યું હતું કે તેઓ તેમને ટ આરક્ષણ (સંચિત રજા યોજના) આપવા અથવા તેમને અન્ય પદો પર સ્થાનાંતરિત કરવાની સંભાવના પર વિચાર કરી રહ્યા છે.

TIPની આગેવાની હેઠળની આંધ્રપ્રદેશ સરકારે રવિવારે તિરુમ્માલા આશ્રમ દેવસ્થાનમ (TTID) ના ૨૪ સભ્યો માટે એક નવા બોર્ડની રચના કરી છે. બોર્ડ ઓફ આર્કાઈવ્સમાં તે વિશ્વનું સૌથી ધનિક મંદિર છે. આમાં ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડના સહ-સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર સુચિત્રા ઈલાનો પણ સમાવેશ થાય છે. બીઆર નાયડુએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ અને રાજ્યના અન્ય મુખ્ય સરકારી નેતાઓને બોર્ડના નેતૃત્વની જવાબદારી સોંપી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે પૂર્વ મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીના કાર્યકાળ દરમિયાન ઘણા વિદ્યાર્થીઓ ગુમ થયા હતા. તેમણે મંદિરની પવિત્રતાનું રક્ષણ કરવા હાકલ કરી હતી.

આ પહેલા મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આરોપ લગાવ્યો હતો કે પૂર્વ મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીના કાર્યકાળ દરમિયાન પ્રખ્યાત લોધ પ્રસાદમની તૈયારીમાં પશુઓની ચરબીવાળા ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મામલે સાઉદીનો કેસ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. કોર્ટની દેખરેખ હેઠળ વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવી છે.

બીઆર નાયડુએ આરોપ લગાવ્યો કે ગત YSR કોંગ્રેસ સરકાર દરમિયાન તિરુમાલામાં ઘણી ગેરરીતિઓ થઈ હતી. તેમણે કહ્યું કે હવે મંદિરની પવિત્રતાની રક્ષા થવી જોઈએ. તેમણે કહ્યું કે તેઓ તેમની ફરજો પૂરી ઈમાનદારી અને પારદર્શિતા સાથે નિભાવશે. તમને જણાવી દઈએ કે બીઆર નાયડુ મીડિયા પર્સનાલિટી છે. મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની આંધ્રપ્રદેશની NDA સરકારે બુધવારે (૩૦ ઓક્ટોબર ૨૦૨૪) TTD માટે નવા ૨૪ સભ્યોના બોર્ડની રચના કરી. સરકારે નવા રચાયેલા TTD બોર્ડના અધ્યક્ષ તરીકે બીઆર નાયડુની નિમણૂક કરી છે, જ્યારે ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડના સહ-સ્થાપક અને એમડી સુચિત્રા ઈલાને બોર્ડના સભ્ય બનાવવામાં આવ્યા છે. થોડા દિવસો પહેલા તિરુપતિ મંદિરના પ્રસાદમાં ગાય અને ડુક્કરનું માંસ અને માછલીનું તેલ મળી આવતા વિવાદ ઉભો થયો હતો.

તેની તપાસ માટે SITની રચના કરવામાં આવી હતી. આના પગલે જગન મોહન રેડ્ડીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તિરુપતિ મંદિરનું સંચાલન કરતા તિરુપતિ દેવસ્થાનમ બોર્ડ સાથે સંકળાયેલા લોકો પર પ્રશ્નો ઉભા થયા હતા. આ વર્ષે ફેબ્રુઆરીમાં, તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમએ કહ્યું હતું કે તે તિરુપતિમાં મુસ્લિમ શ્રદ્ધાળુઓની સેવા કરવાનો માર્ગ શોધી કાઢશે. આ મુસ્લિમ શ્રદ્ધાળુઓની વિનંતી પર કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે. બોર્ડે દાવો કર્યો હતો કે કેટલાક મુસ્લિમ શ્રદ્ધાળુઓએ બોર્ડને ભગવાન વેંકટેશ્વરની સેવા કરવાનું કહ્યું હતું. આ શ્રીવરિ સેવા તરીકે ઓળખાય છે.

# બાંગ્લાદેશમાં ૧૮ હિન્દુઓ પર લગાવાયો રાજદ્રોહનો આરોપ

## બે લોકોની ધરપકડ કરવામાં આવી : ભગવો ધ્વજ લગાવવા બદલ લગાવાયો આરોપ

નવીદિલ્હી, તા. ૧



બાંગ્લાદેશમાં અલ્પસંખ્યકોને પસંદગીયુક્ત નિશાન બનાવવાની ઘટના પર પ્રકાશ પાડતા ભગવો ધ્વજ ફરકાવવા બદલ અઢાર હિંદુઓ પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેના વિશે અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ વાત કરી છે. બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ મામલો બદલો લેવાનો હોય તેવું લાગે છે, જે ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે હિંદુ સંગઠનોએ ચિટાગોંગમાં લઘુમતીઓના રક્ષણ માટે કાયદો અને ટ્રિબ્યુનલની માંગણી કરતી મોટી બેઠક યોજી. બાંગ્લાદેશી નિષ્ણાતોએ ઈન્ડિયા ટુડે ડિજિટલને જણાવ્યું હતું કે બાંગ્લાદેશના ગૃહ મંત્રાલયના અધિકારીઓની મંજૂરી વિના દેશદ્રોહનો કેસ નોંધી શકાય નહીં. તેમણે કહ્યું કે આવા કેસમાં પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી પોતે આગળ વધતા નથી. ૧૮ હિંદુઓ સિવાય કે જેઓ પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો છે, ફરિયાદમાં ૧૫-૨૦ અજાણ્યા લોકોનો પણ ઉલ્લેખ છે, જે બાદમાં કેસમાં નામ ઉમેરવા માટે જગ્યા છોડી દેવામાં આવી છે.જે ઘટના માટે રાજદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો છે તે ૨૫ ઓક્ટોબરની છે, જ્યારે હિંદુ સંગઠનોએ તેમની આઠ મુદ્દાની માંગ સાથે ચિત્તાગોંગમાં એક વિશાળ રેલી કાઢી હતી. આઠ મુદ્દાની માંગણીઓમાં લઘુમતીઓ પર અત્યાચાર કરનારાઓ સામે કેસ ચલાવવા માટે ટ્રિબ્યુનલની રચના કરવી, લઘુમતી સંરક્ષણ પર કાયદો લાવવા અને લઘુમતીઓ માટે મંત્રાલયની સ્થાપનાનો સમાવેશ થાય છે. બાંગ્લાદેશમાં લોકોના એક વર્ગે અવામી લીગ અને ભારત સરકાર દ્વારા સમર્થિત આઠ મુદ્દાની માંગને રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

વિરોધ રાજકીય નથી અને બાંગ્લાદેશ સરકાર વિરુદ્ધ નથી, પરંતુ લઘુમતીઓના અધિકારોનું જતન કરવા માટે વહીવટીતંત્ર પર દબાણ લાવવા માટે છે. બાંગ્લાદેશમાં સાંપ્રદાયિક લાગણી પ્રબળ છે, અને હિંદુ વસ્તી ૧૯૫૧ (તત્કાલીન પૂર્વ પાકિસ્તાન) માં ૨૨% થી ઘટીને હવે ૮% થી નીચે આવી ગઈ છે. હિંદુ અમેરિકન ફાઉન્ડેશન અનુસાર, ૧૯૬૪ અને ૨૦૧૩ ની વચ્ચે, ૧૧ મિલિયનથી વધુ હિંદુઓ ધાર્મિક અત્યાચારને કારણે બાંગ્લાદેશ ભાગી ગયા.

૩૦ ઓક્ટોબરે ફિરોઝ ખાન દ્વારા ચિત્તાગોના કોતવાલી પોલીસ સ્ટેશનમાં દેશદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો હતો. બાંગ્લાદેશ પીનલ કોડ ૧૮૬૦ મુજબ રાજદ્રોહની સજા આજીવન કેદ સુધીની છે. આ ઘટનાના એક વીડિયોમાં, જે હવે વાયરલ થયો છે, કેસરી ટોપીવાળા લોકોનું એક જૂથ ચટગાંવના ન્યુ માર્કેટ વિસ્તારમાં ઝીરો પોઈન્ટ પર બાંગ્લાદેશના રાષ્ટ્રધ્વજ તરીકે પ્રદર્શિત ધ્વજ પાસે ભગવો ધ્વજ લગાવતા જોવા મળે છે .

દિવાળીની રાતે ફટાકડા ફુટવાની સાથે સાથે બટાઝટીની ઘટનાઓ પણ બની

# રસ્તા પર ફટાકડા ફોડવામાં ધ્યાન રાખવાનું કહેતાં ધોકા-ધારીયા ઉડ્યા: યુવાનને ઇજા

## બજરંગવાડી સર્કલ પાસે શાહીદ નામના યુવાનને પી. ડી. રાણા અને ત્રણ અજાણ્યાએ ફટકારતાં હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું: બીજા બનાવમાં ઘંટેશ્વર પચ્ચીસ વારીયામાં સામુ જોવા મામલે બટાઝટી

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૧**

રાજકોટ: શહેરમાં દિવાળી પર્વની લોકોએ ઉત્સાહથી ઉજવણી કરી હતી. લાખોના ફટાકડા ફુટી ગયા હતાં. જો કે સાથે સાથે અમુક ઠેકાણે બટાઝટીની ઘટનાઓ પણ બની હતી. લોકોએ રસ્તા પર ફટાકડા ફોડવા મામલે તેમજ સામુ જોવા મામલે ધોકા છરી ધારીયા ઉલાળ્યા હતાં. જેમાં ઘાયલ થયેલાઓને સારવાર માટે દવાખાના ભેગા થવાની નોબત આવી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં દિવાળીની રાતે બજરંગવાડીમાં રોડ પર ફટાકડા ફોડી રહેલા શખ્સોને ધ્યાન રાખવાનું કહેતાં ધોકા-પાઇપથી ચાર શખ્સોએ હુમલો કર્યો હતો. આ બનાવમાં પોલીસે બજરંગવાડી મોચીનગર-૧માંરહેતાં અને રેલ્વે સ્ટેશન સામે રસનો ચીચોડો ચલાવી ગુજરાન ચલાવતાં એકવીસ વર્ષના શાહીદ રજાકભાઇ સુમરાની ફરિયાદ પરથી પી. ડી. રાણા અને ત્રણ અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. શાહીદના કહેવા મુજબ હું પરિવાર સાથે રહુ છું, મારા પિતા કડીયા કામ કરે છે. દિવાળીનસ રાતે સાડા દસેક વાગ્યે હું અને બે મિત્રો અકબર રફીકભાઇ કુરેશી તથા સાહિલ ચનાભાઇ પરમાર બજરંગવાડી સર્કલ ખાતે હતાં.

ત્યારબાદ અમે ત્રણેય અકબરના બાઇક પર બેસીને મારા ઘરે બીજી ગાડી લેવા જતાં હતાં. આ વખતે બાઇક અકબર ચલાવતો હતો. હું અને સાહિલ પાછળ બેઠા હતાં. બજરંગવાડી મેઇન રોડ શક્તિ પાન પાસે પહોંચતા અવિસ્તારના પી. ડી. રાણા તરીકે ઓળખાતો શખે અને બીજા ત્રણ જણા રોડ પર ફટાકડા ફોડતા હોઇ અમે ત્યાંથી પસાર થતાં ફટાકડો અમારા વાહન પાસે આવતાં મેં પી. ડી. રાણા અને અજાણયાઓને ધ્યાન રાખી ફટાકડા ફોડવાનું કહ્યું હતું અને ત્યાંથી નીકળી ગયા હતાં. બાદમાં મારા ઘરેથી મારુ બાઇક લઇ અમે ત્રણેય ફરી બજરંગવાડી



સર્કલ તરફ જવા નીકળ્યા ત્યારે પી. ડી. રાણા અને ત્રણ અજાણ્યા રસ્તામાં શક્તિ પાન પાસે ઉભા હતાં.આ લોકોના હાથમાંપાઇપ-ધારીયા લઇને ઉભા રહી ગયા હતાં. અમને ગાળો દેવા માંડતા ના પાડતાં પી.ડી. રાણા ધારીયાનો ઘા મારવા જતાં હું બચવા જતાં મને જમણા હાથના અંગુઠામાં ઇજા થઇ હતી. એ પછી પણ પી.ડી. અને અજાણ્યાઓએ મને તથા મારા મિત્રોને ગાળો દીધી હતી. અમે ત્રણેય ત્યાંથી નીકળી ગયા હતાં અને મારા કાકાને જાણ કરતાં મને સિવિલમાં લઇ ગયેલ. બાદમાં મેં ફરિયાદ કરી હતી. તેમ વધુમાં શાહિદે કહેતાં ગાંધીગ્રામના હેડકોન્સ. આર. ટી. વાસદેવાણીએ ચારેય વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી તેની ધરપકડ કરવા તજવીજ કરી હતી.

દિવાળીને દિવસે ડખ્ખાના અન્ય એક બનાવમાં જામનગર રોડ ઘંટેશ્વર પચ્ચીસ વારીયામાં સામુ જોવા મામલે રિક્ષાચાલક યુવાન પર ચાર પડોશીઓ તૂટી પડ્યા હતાં. આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં અને રિક્ષા ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં સાડત્રીસ વર્ષના ઇમરાન મહમદભાઇ સાકરીયાણીની ફરિયાદ પરથી તેના જ પડોશી ભાવેશ, ભાવેશની પત્નિ, ભાવેશની બહેન અને ભાવેશના સાળા સાગર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ઇમરાનના કહેવા મુજબ હું દિવાળીની બપોરે ઘર બહાર હતો ત્યારે પડોશમાં ભાવેશ દેવીપૂજક રહે છે તેણે મારી પાસે આવી તું શું મારી સામે જોવે છે? કહેતાં મેં તેને હું કંઇ સામે નથી જોતો તેમ જણાવતાં તેણે ગાળો દીધી હતી અને બાદમાં પોતાની પત્નિ, બહેન, સાળા સાથે મળી મારા પર હુમલો કરી ઝપાઝપી કરી લાકડાના ધોકાથી માર મારતાં હાથમાં ઇજા થઇ હતી. પીએસઆઇ પી. બી. પટેલે એફઆઇઆર દાખલ કરી હતી. આ ઉપરાંત અન્ય બે સ્થળે પણ ફટાકડા મામલે ડખ્ખો થયો હતો. જો કે પ્રાથમિક સારવાર લઇ રવાના થઇ જતાં ફરિયાદની કાર્યવાહી થઇ નહોતી.

### દિવાળી-નવા વર્ષના પર્વમાં રાજ્યમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ચાંપતા બંદોબસ્તની વાતો વચ્ચે લોહીયાળ ઘટનાઓ આવી સામે

# એક બાજુ ફટાકડા ફુટ્યા, બીજી તરફ થઇ ગઇ પાંચ હત્યા

### રાજકોટમાં ફટાકડાની બબાલમાં નિર્દોષનો જીવ ગયો: ભાવનગરમાં ત્રણ ત્રણ હત્યા થઇ: કલોલમાં પ્રેમપ્રકરણમાં યુવાનને ઢાળી દેવાયો

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૧**

રાજકોટ: દિવાળી નવા વર્ષના તહેવારની રાજ્યભરમાં લોકો શાંતિથી ઉજવણી કરી શકે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો છે તેવી જાહેરાતો કરી હતી. જો કે આ વચ્ચે રાજકોટ સહિતના શહેરોમાં હત્યાની ઘટનાઓ બની ગઇ છે. રાજકોટમાં ફટાકડા ફોડવા મામાલે એક યુવાનની હત્યા થઇ હતી. તો ભાવનગરમાં ફટાકડાની બબાલમાં ત્રણ ત્રણ લોથ ઢળી ગઇ હતી. તો કલોલમાં પ્રેમપ્રકરણમાં એક હત્યા થઇ હતી. આમ દિવાળી પર્વમાં એક તરફ ફટાકડા ફુટ્યા હતાં. બીજી તરફ અલગ અલગ શહેરમાં પાંચ પાંચ હત્યા થઇ હતી. વિગતો પર નજર કરીએ તો દેશભરમાં જ્યારે દિવાળીની ઉજવણી થઈ રહી હતી ત્યારે ભાવનગરમાં ચકચારી મચાવી દેનારી ઘટનાઓ સામે આવી છે. ભાવનગરમાં દિવાળીના દિવસે એક-બે નહીં પરંતુ ત્રણ હત્યાના બનાવ સામે આવ્યા છે. હત્યાની આ ત્રણેય ઘટનાઓમાં માથાકુટનું કારણ ફટાકડા બન્યા હતાં. ફટાકડા ફોડવા જેવી નજીવી બાબતે આ હત્યાનો થઇ જતાં જે તે મૃતકોના પરિવારજનોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. લોકો કેટકેટલા ક્રોધીત બનીને કોઇનો જીવ લઇ લે છે તેની પ્રતિતી કરાવતી ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. જેનો પુરાવો વધુ એક વખત બનેલી રાજકોટ, ભાવનગરની ચાર હત્યાઓની ઘટનાએ આપ્યો છે.

વિગતો પર નજર કરીએ તો ભાવનગરમાં અલગ-અલગ વિસ્તારમાં ફટાકડા ફોડવા જેવી નજીવી બાબતમાં ઝઘડો થયો હતો. જેમાં એક યુવાન અને બે આધેડ વયની વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. ભાવનગર જિલ્લાના હાથબ ગામે પિસ્તાલીસ વર્ષીય આધેડે દિવાળીની રાત્રે ફટાકડાં ફોડતા વખતે ગાળો બોલવાની ના પાડતા ઝઘડો થયો હતો. જેમાં ગુસ્સે ભરાયેલા લોકોએ આધેડને છરીના ઘા મારી હત્યા કરી દીધી હતી. સમગ્ર મામલે ઘોઘો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે મૃતકના મૃતદેહને ભાવનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમમાં મોકલી છે. પોલીસ હાલ સમગ્ર મુદ્દે તપાસ કરી આરોપીઓને પકડી લેવા દોડધામ શરૂ કરીહતી.

હત્યાની બીજી ઘટનાની સામે આવેલી વિગતો અનુસાર ભાવનગરના યોગીનગરમાં હત્યાનો




ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના ઘોઘારોડ યોગીનગર પાસે આવેલા સોમનાથી રેસિડેન્સીમાં ફટાકડા ફોડવાની ના પાડતા છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. ફટાકડા ફોડવાની ના પાડતાં ઉશ્કેરાયેલા શખસોએ વ્યક્તિની હત્યા કરી દીધી હતી. આ મામલે પણ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમમાં મોકલી ગુનો નોંધી સમગ્ર તપાસ હાથ ધરી છે. આરોપીઓની શોધખોળ કરી પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરશે. જ્યારે ત્રીજા બનાવમાં પણ ફટાકડાનો ડખ્ખો હત્યા માટે કારણભુત બન્યોહ તો. જેમા ખારગેઇટ પાસે આવેલા ગઢ્ઢર ચોકમાં યુવાનને છરીના ઘા મારી હત્યા કરી દેવામાં આવી હતી.

ફટાકડા ફોડતી વખતે બોલાચાલી થતા યુવાનને છરીના ઘા મારી હત્યા કરી દેવામાં આવી હતી. ગંગાજળીયા પોલીસ દ્વારા મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે ભાવનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસ હાલ આરોપીઓને શોધી રહી છે.હત્યાની પાંચમી ઘટના કલોલના પંચવટીમાં આવેલ વૃંદાવન રેસીડેન્સીમાં બની હતી. અહિ રહેતા યુવક ઉપર સિટી મોલમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ગંભીર ઈજાઓના પગલે યુવકનું મોત નીપજ્યું હતુ પ્રેમ સંબંધ નહીં રાખવાનું સમજાવતા યુવકે પોતાનો જીવ ખોવાનો વારો આવ્યો હતો બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી હત્યામાં સામેલ લોકોને ઝડપી લેવા માટે કાર્યવાહી હાથ ધરી છે. આ બાબતે મળતી વિગતો અનુસાર કલોલના પંચવટી વિસ્તારમાં આવેલા વૃંદાવન રેસીડેન્સીમાં રહેતા શૈલેષભાઈ ઇશ્વરભાઇ નાયક ના ભાણીયાના છૂટાછેડા થઈ ગયેલા હતા અને તેમના ભાણીયાની વહુને આરોપી શૈલેષ મફતભાઈ દેસાઈ પ્રમ કરતો હતો અને તેમના ભાણિયો ફરીથી ઘર વસાવા માગતો હતો તેથી શૈલેષભાઈ ઈશ્વરભાઈ નાયકએ પ્રેમ બાબતે શૈલેષ મફતભાઈ દેસાઈને તેમના ભાણીયાની વહુ સાથે પ્રેમ સંબંધ નહીં રાખવા માટે સમજાવ્યો હતો જે બાબતની અદાવત રાખી શૈલેષ રબારીએ ગત મોડી રાત્રે શૈલેષ નાયકને તેના ઘરેથી ઉઠાવ્યો હતો અને તેને સિટી મોલમાં લાવવામાં આવ્યો હતો.જ્યાં તેની ઉપર લાકડીઓ અને ધોકાઓ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો

યુવકને લાકડીઓ અને ધોકાઓ વડે માર માર્યો હતો અને તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી ત્યારબાદ શૈલેષ દેસાઈએ શૈલેષ નાયક ના ભાઈ પંકજને ફોન કરીને કહેલ કે મેં તારા ભાઈને માર માર્યો છે તું એને અહીંથી લઈ જા તેથી તેઓ ત્યાં દોડી ગયા હતા અને જીવન મરણ વચ્ચે ઝુલા ખાઈ રહેલા પોતાના ભાઈને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પણ જ્યાં તેનું મોત નીપજ્યું હતું યુવકના મોતથી પરિવારજનો પર દુ:ખનો પહાડ તૂટી પડયો હતો હત્યાના બનાવ અંગે પોલીસે પંકજભાઈ ઈશ્વરભાઈ નાયકની ફરિયાદના આધારે હત્યારા શૈલેષ મફતલાલ દેસાઈ તથા મનીષ મોહનભાઈ રબારી અને લાલો ઠાકોર તથા કલ્પેશ બારોટ અને નરેશ પટેલ સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# સુરેન્દ્રનગરમાંથી અપહરણ કરાયેલી બાળકી બગોદરામાંથી મળી

### અપહરણનું કારણ અકબંધ : આરોપીઓની પૂછપરછ શરુ કરતી પોલીસ

રાજકોટ મિરર, તા.૧

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાંથી ચાર દિવસે અપહરણ કરાયેલી બાળકી મળી આવી છે. આ બાળકીનું ૨૮ ઓક્ટોબરે અપહરણ કરવામાં આવ્યું હતું, જે ચાર દિવસે બાદ બગોદરામાંથી મળી આવી છે. આ બાળકી સાથે કોઈ અઘટિત ઘટના બની હતી કે કેમ તે વિશે પોલીસ હાલ તપાસ કરી રહી છે. જોકે, બાળકી પરત આવતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે.



સુરેન્દ્રનગરના સાયલા તાલુકામાંથી એક સાત વર્ષની બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હતું. પરિવારે ધજાળા પોલીસ સ્ટેશનમાં બાળકી ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ પોલીસે ૮ કરતા વધુ ટીમ બનાવી બાળકીની શોધ હાથ ધરી હતી. સતત ચાર દિવસ સુધી તપાસ કર્યા બાદ પોલીસે બાળકીને શોધી પરિવારને પરત મોકલી આપી છે. તેમજ અપહરણકર્તા આરોપીઓની પણ ધરપકડ કરી દીધી છે.

અપહરણકર્તા સાયલા તાલુકાના લિંબાળા ગામનો શખસ હોવાનું જાણવા મળ્યું છે. અપહરણકર્તાએ બાળકીની ઓળખ ન થાય તે માટે તેના વાળ કાપી નાંખ્યા હતાં. ચાર શખસ આ બાળકીને ચોરી કરેલી રિક્ષામાં લઈને જતા હતાં. જોકે, પોલીસ આરોપીઓને પકડે તે પહેલાં તેઓ ચોરી કરેલી કારમાં બેસીને ભાગી ગયા હતાં.

જોકે, પોલીસે તેમનો પીછો કરી અમદાવાદના બગોદરાથી ઝડપી પાડ્યા હતાં.

પોલીસે તમામ આરોપીને પકડી તપાસ હાથ ધરી છે. જોકે, હાલ બાળકીને અપહરણ કરવાનું કારણ સામે આવ્યું નથી. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, કાળી ચૌદસની તાંત્રિક વિધિ અથવા બાળ મજૂર બનાવી વેચાણ કરવા માટે બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હોય શકે. પોલીસે આ મામલે આરોપીની પૂછપરછ કરી સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# એક સપ્તાહમાં ૩,૪૩૬ માર્ગ અકસ્માત : સૌથી વધુ અકસ્માતો થયા અમદાવાદમાં

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં દિવાળી ટાણે ૨૩થી ૨૯ ઓક્ટોબર સુધીમાં કુલ ૩,૪૩૬ માર્ગ અકસ્માતના નાના-મોટા બનાવો બનેલા છે. જેમાં ઈજાગ્રસ્તોને ઈમરજન્સી સેવા ૧૦૮ની મદદથી સારવાર આપવામાં આવી હતી. સૌથી વધુ અકસ્માતના બનાવો અમદાવાદમાં ૬૨૯ બનવા પામ્યા હતા. બીજા ક્રમે સુરતમાં ૪૧૦, વડોદરામાં ૨૪૩, રાજકોટમાં ૨૦૨ વાહન અકસ્માતના ગોઝારા બનાવ બન્યા હતા. જેમાં કેટલાક લોકોના જીવ પણ ગયા છે.

દિવાળીના તહેવારમાં સહપરિવાર બહારગામ ફરવા જવા અને વતને જવાનો ક્રેઝ વધ્યો છે. સગા-સંબંધીઓને મળવા જવા-આવવાનું થતું હોય છે. ત્યારે સામાન્ય દિવસો કરતાં દિવાળીના તહેવારોના દિવસોમાં માર્ગ અકસ્માતના બનાવો વધુ બનતા હોય છે. લોકોએ સાચવીને વાહન ચલાવું, બિનજરૂરી ઓવરટેક, ઓવરસ્પીડ ન રાખવી, વાહન ધીમે અને સલામતીપૂર્વક ચલાવવું હિતાવહ છે. દિવાળીના આનંદ, ઉત્સાહભર્યા તહેવારના દિવસો કોઈ પરિવાર માટે માતમના દિવસોમાં ફેરવાઈ ન જાય તે માટે જરૂરી તકેદારી રાખવી પણ ખાસ જરૂરી છે.

# ગુજરાતમાં ૨૪ કલાકમાં આગ લાગવાની ઘટનાઓથી ફાયર તંત્ર રહ્યું દોડતું

### રાજ્યભરમાંથી ૪,૮૮૫ ઈમરજન્સીના કોલ નોંધાયા આગના

અમદાવાદ, તા.૧

આ વર્ષે ગુજરાતીઓએ મન મુકીને ફટાકડી ફોડી ધામધૂમપૂર્વક દિવાળીના પર્વની ઉજવણી કરી છે. આ કારણસર શહેરમાં આગ લાગવાના અનેક બનાવ બન્યા છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિત રાજ્યભરના શહેરોમાં આગ લાગવાની ઘટના બની છે. જોકે સારી બાબત એ રહી કે આગની ઘટનામાં કોઈ જાનહાની સર્જાઈ નથી. જેના કારણે તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાંથી ૪,૮૮૫ ઈમરજન્સીના કોલ નોંધાયા છે. સમગ્ર દિવસ દરમિયાન ઠેરઠેર ફાયર તંત્રના વાહનો દોડતા રહ્યા છે. સદનશીબે ક્યાય જાનહાની નોંધાઈ ન હોવાથી તંત્રે રાહત અનુભવી હતી.

અમદાવાદમાં દિવાળીના પર્વ દરમિયાન આગ લાગવાના ૮૦ થી વધુ બનાવો બનતા ફાયર બ્રિગેડને ઉપરાછાપરી કામગીરી ચાલુ રાખવી પડી હતી. તેના લીધે દિવાળી દરમિયાન ફાયરબ્રિગેડે સતત દોડતા રહેવું પડ્યું હતું. મોટાભાગના આગના બનાવો ફટાકડા ને કારણે લાગ્યા હોવાનું મનાય છે. જેમાં દુકાન, મકાન, શોર્ટ સર્કિટ, સ્કૂલ, ગોડાઉન, ભંગાર, વાહન વગેરેમાં આગ લાગવાના બનાવનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ કચરાના કોલ મળ્યા હતા. અમદાવાદમાં ૮૦, સુરતમાં ૯૦, જ્યારે વડોદરામાં ૨૧ આગના ૨૧ કોલ મળ્યા હતા.

ગુજરાતમાં દિવાળ ના દિવસે આગ લાગવાના સૌથી વધારે ૧૦૦ જેટલા બનાવો બન્યા હતા. જેમાં મોડી રાત સુધી ફાયર બ્રિગેડને કોલ મળતા રહ્યા હતા. દિવાળીને દિવસે લાગેલી આગના બનાવમાં દુકાન, મકાન, શોર્ટ સર્કિટ, સ્કૂલ, ગોડાઉન, ભંગાર, વાહન વગેરેમાં આગ લાગી હતી. આગના બનાવોમાં ભારે નુકસાન થયું છે. દિવાળીની રાત્રે આગની ૮૦ ઘટના, કબાડીમાર્કેટની આગમાં ૮ દુકાન ભસ્મીભૂત થઈ દિવાળીની રાત્રે અમદાવાદ શહેરમાં આગની કુલ ૮૦ જેટલી નાની મોટી ઘટના બનવા પામી હતી. અમદાવાદના મિરઝાપુરમાં કબાડી માર્કેટમાં સૌથી મોટી આગ લાગી હતી. જેને કાબુમાં લેવા માટે ૧૨ ગજરાજ અને ફાયરના અધિકારીઓ કામગીરીમાં જોડાયા હતા. ૮ જેટલી દુકાનો સદંતર બળી ને રાખ થઇ ગઈ હતી.

**અમરેલી-સાવરકુંડલામાં આગની ઘટના**

અમરેલી-જાફરાબાદ ખારવા વાડ વિસ્તારમાં બંધ મકાનમાં મોડી રાત્રે આગ લાગી હતી. જેના લીધે દોડધામ મચી ગઇ હતી. આગના બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડ ટીમ ઘટનાસ્થળો દોડી આવી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. બંધ મકાનમાં કોઇ રહેતું ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

તો બીજી તરફ સાવરકુંડલામા ગત રાત્રીના જુના બસસ્ટેશન નજીક ભંગારના ડેલામાં આગ લાગી હતી. આગ લાગતા ઘટના સ્થળે પીજીવીસીએલની ટીમ અને નગરપાલિકા ફાયર ફાઇટર પહોંચ્યું હતું. આગને ફાયર ફાઇટર દ્વારા કાબૂમાં લેવામાં આવી હતી.

**મિરઝાપુરમાં કબાડી માર્કેટ બળીને ખાખ**

દિવાળીની રાત્રે રાજ્યભરમાં ઠેર-ઠેર આગ લાગવાના બનાવો નોંધાયા છે. ત્યારે અમદાવાદના મિરઝાપુર વિસ્તારમાં આવેલા કબાડી માર્કેટમાં મોડી રાત્રે આગ લાગતાં દોડધામ મચી જવા પામી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને અડધું કબાડી માર્કેટ ચપેટમાં લઇ લીધું હતું. આગની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ ઓફિસર સહિત કર્મચારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યા હતો. જોકે સદનસીબે કોઇ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી.

**સુરતમાં ૯૦થી આગ લાગવાના બનાવો**

સુરતના વિવિધ વિસ્તારોમાંથી ફાયર બ્રિગેડની ટીમને ૯૦ થી વધુ આગના કોલ મળ્યા હતા. આગના બનાવના લીધે અફરાતફરીનો મચી ગઇ હતી. આગની જુદી જુદી ઘટનાઓમાં કારખાન, ગોડાઉન, દુકાન સહિતના સ્થળોએ આગ લાગી હતી. કાપોદ્રા, સરથાણા અને પુણાગામ સહિતના ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગના ૯૦ જેટલા કોલના પગલે ફાયર વિભાગ સતત દોડતું રહ્યું હતું.

**જામનગરમાં ૨૭ સ્થળોએ લાગી આગ**

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં દિવાળીની રાત્રે ૨૭ સ્થળે આગજનીની ઘટના નોંધાઇ હતી. ૭૦ જેટલા ફાયર સ્ટાફની મદદથી તમામ સ્થળોએ આગ પર કાબુ મેળવી લેવાયો હતો, અને સદભાગ્યે કોઈ જાનહાની થઈ ન હતી. જામનગર શહેરમાં સેકશન પર એક રહેણાંક મકાનના આગ લાગી હતી. સળગતો ફટાકડો પડવાના કારણે મકાનમાં આગ લાગ્યા પછી આગની જવાળાઓ દૂર સુધી દેખાઈ હતી, અને શરુ સેક્શન મેઇન રોડ વિસ્તારમાં અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.

# અમરેલી - ગીરની ધરા ધ્રુજી : ૨.૫ની તીવ્રતાનો આંચકો




કેન્દ્રબિંદુ તાલાલાથી ૩ કિ.મી. ઉત્તર-પૂર્વ દિશામાં નોંધાયું

રાજકોટ, તા. ૧

છેલ્લા ઘણા સમયથી સમગ્ર ભારત વર્ષમાં અને સવિશેષ ગુજરાતમાં ભૂકંપના આંચકાઓ નું પ્રમાણ વધી ગયું છે ત્યારે ગઈકાલે ફરી એક વખત અમરેલી અને તાલાલા પંથકમાં ભૂકંપના આજકા જોવા મળ્યા હતા એટલું જ નહીં ઉપરાઉપરી સાત આંચકા આવતા લોકોમાં દર્પણ વ્યાપી ઉઠ્યો હતો ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ધરતીના પેટાળમાં થતી ઉથલપાથલના પગલે ધરા ધ્રુજી રહી છે અને ખૂબ મોટી તીવ્રતા ના ભૂકંપો પણ આવી રહ્યા છે.

ગઈકાલે તાલાલા ગીર અને અમરેલી પંથકની ધરતીના પેટાળમાં ફરી જબરદસ્ત હીલચાલ શરૂ થઈ હતી. તાલાલા ગીરની ધરતી પખવાડિયામાં દિવાળીના પરોઢીએ ધણધણી ઉઠી હતી. સવારે ૫.૫થી ૮-૦૧ વાગ્યાની વચ્ચે ૧.૪થી ૨.૪ની તીવ્રતાના ઉપરાઉપરી સાત આંચકા આવતા લોકો ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા. તાલાલા ગીરથી અહેવાલ મૂજબ આ ભૂકંપોની અસર તાલાલા શહેર અને આજુબાજુના વિસ્તારમાં જોવા મળી હતી. કેન્દ્રબિંદુ તાલાલાથી ૩ કિ.મી. ઉત્તર-ઉત્તર-પૂર્વ દિશાએ નોંધાયું હતું અને જમીનથી માત્ર ૪ કિ.મી.ની ઉંડાઈએ કંપન ઉદ્ભવ્યા હતા.

હજુ પખવાડિયા પહેલા તા. ૧૪ ઓક્ટોબરે તાલાલા ગીર પાસે જ પરંતુ, જુદી દિશાએ, પશ્ચિમ-પશ્ચિમ ઉત્તર દિશાએ હીરણ નદીની સામે કાંઠે તલાલાથી ૨ કિ.મી.ના અંતરે ભૂકંપ નોંધાયો હતો. આ ભૂકંપ પણ જમીનથી માત્ર ૩ કિ.મી.ની ઉંડાઈ આવ્યો હતો. આ પહેલા તજજ્ઞોએ જણાવ્યા મૂજબ તાલાલા પંથકમાં કચ્છ જેવી કોઈ મોટી ફોલ્ટલાઈન નથી પરંતુ, જમીનના પોપડાંમાં ફ્રેક્ચર્સ, નાના નાના ફોલ્ટ્સ રચાતા હોય આ આંચકા આવે છે. આ આંચકા મોટાભાગે ઓછી તીવ્રતાના અને જમીનમાં બહુ ઉંડાઈએ હોતા નથી. જો કે, આજે ઉપરાઉપરી આંચકા આવ્યા તે જ દિશામાં તાલાલાથી ૧૩ કિ.મી.ના અંતરે ચિત્રોડ અને સાસણગીર વચ્ચે ૪.૦ની તીવ્રતાનો તીવ્ર ભૂકંપ તા.૨-૫-૨૦૨૨ ના નોંધાયો હતો. આમ, ગીરના આ વિસ્તારના ધરતી વારંવાર કંપી ઉઠે છે.

તાલાલા ઉપરાંત અમરેલી પંથકમાં પણ વારંવાર હળવા ભૂકંપો આવતા રહ્યા છે અને આઈ.એસ.આર.ના વૈજ્ઞાનિકોએ ત્યાં અભ્યાસ પણ કર્યો છે. તાજેતરમાં ચાર દિવસ પહેલા જ તા.૨૭ના અમરેલી પંથકમાં જીરા અને માધુપુર ગામ વચ્ચે રિચર સ્કેલ પર ૩.૭ તીવ્ર ભૂકંપ નોંધાયો હતો.

ગુજરાતમાં કૂલ ૭ ભૂકંપો નોંધાયા છે જેમાં ૧ તાલાલા, ૧ અમરેલી તથા કચ્છના દુધઈ, ખાવડા અને ભચાઉમાં ૩ અને ગુજરાતની સરહદે મહારાષ્ટ્રના પાલઘર પંથકમાં ૨ ભૂકંપ સમાવિષ્ટ છે. તંત્ર દ્વારા માત્ર ૨.૫થી વધુ તીવ્રતાના ભૂકંપની માહિતી જ ઓનલાઈન જાહેર કરાતી રહે છે. આમ, આ ઉપરાંત નાના આંચકા અસંખ્ય આવી રહ્યા છે. હાલ વધતા ગ્લોબલ વોર્મિંગના પગલે ગીર નહીં સમગ્ર રાજ્યમાં અનેક આચકાઓ આવી રહ્યા છે અને ધરતી ધ્રુજી રહી છે. મહત્વનું એ છે કે આવનારા દિવસોમાં સિસ્મોલોજી વિભાગ દ્વારા આ અંગે કોઈ રિસર્ચ કરવામાં આવે તો સત્ય હકીકત બહાર આવી શકે અને આંચકાનું સાચું કારણ કાઢી શકે.

ગમે તેની સાથે ઓળખાણ, મિત્રતામાં આગળ વધતાં પહેલા વિચાર કરજો...વધુ એક લાલબત્તી સમાન કિસ્સો

# પરિણીતાને ફસાવી હોટેલમાં લઇ જઇ છરીની અણીએ બળાત્કાર

## બળજબરી આચરી સાથે ફોટા વિડીયો લઇ લીધાઃ તેના આધારે બ્લેકમેઇલ કરી ફરી દૂષ્કર્મ આચર્યુઃ કંટાળીને નોંધાવાઇ ફરિયાદ

(દર્શનસિંહ જાડેજા દ્વારા)
રાજકોટ મિરર તા. ૧

રાજકોટઃ રાજ્યમાં દૂષ્કર્મ પજવણી છેડતીની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. અમુક કિસ્સાઓમાં તો પરિણીતાઓને પણ ફસાવીને વિડીયો ફોટા મેળવી તેના આધારે બ્લેકમેઇલ કરી બળજબરી આચરી લેવામાં આવતી હોય છે. તો અમુક વખત શારીરિક ઉપરાંત આર્થિક શોષણ પણ કરવામાં આવતું હોય છે. વધુ એક પરિણીતાને એક હવસખોરે ચપ્પુની અણીએ શિકાર બનાવી છે. પહેલા મિત્રતા કરી પછી મળવાના બહાને હોટેલમાં લઇ જઇ ચાકુ બતાવી નિર્વસ્ત્ર કરી બળાત્કાર ગુજારી લેવાયો હતો. તેમજ નગ્ન ફોટા વિડીયો લઇ લેવાયા હતાં. બાદમાં તેના આધારે બ્લેકમેઇલ કરી ફરી શોષણ કરાયું હતું.

આ ઘટના છાણી જકાતનાકા વિસ્તારની છે. જો કે તમામ યુવતિઓ, મહિલાઓ, સગીરાઓ માટે લાલબત્તી સમાન છે. વડોરા છાણી વિસ્તારની હોટેલમાં પરિણીતાને લઇ જઇ બળજબરીથી શારીરિક સંબંધ બાંધી તેનો વીડિયો આરોપીએ ઉતાર્યો હતો. ત્યારબાદ તે વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. જે અંગે બાપોદ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. શહેરમાં રહેતી આધેડ વયની પરિણીતાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે ક આરોપી જીતીન સોલંકી મને ચપ્પુ બતાવી છાણી જકાતનાકા ડાઉન ટાઉન શો રૂમની સામે આવેલી હોટલ અયાન્સના રૂમમાં લઇ ગયો હતો.

ત્યારબાદ જબરજસ્તીથી નિર્વસ્ત્ર કરી દઇ શારીરિક સંબંધ બાંધ્યો હતો. તે વખતે તેણે મારા ફોટા પાડી વીડિયો પણ ઉતાર્યો હતો. દોઢ વર્ષ સુધી આરોપીએ મારા ફોટા તથા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. તેમજ આરોપી નંદુ સોલંકી મારફતે મારા પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આરોપીએ નંદુ સોલંકીને મારા પતિની પાછળ લગાડી તેમની વર્તણૂક અંગેની માહિતી મેળવી હતી. જીતીન સોલંકીના કહેવાથી આરોપી નંદુ સોલંકી તથા ચંદ્રકાંત દાઢીએ મારા પતિને ફોન કરી ગાળો બોલી ધમકી આપી હતી. નંદુ સોલંકીએ મારા પતિને તમાચા મારી દીધા હતા.



બીજા કિસ્સામાં પતિને બીજી સાથે લફરૂ થતાં પત્નિની કાઢી મુકી ઘરની બહાર

આ ઘટનામાં બાપોદ પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આરોપીઓ કયા વિસ્તારના છે. તે અંગે પણ પોલીસે તપાસ શરૂ કર ીહતી. આરોપી જીતીન સુરેશભાઇ સોલંકી (રહે. રાંદલ ધામ સોસાયટી, ઉમીયા નગરની બાજુમાં, ચાણકચપુરી, સમા) અને ફરિયાદી વચ્ચે સંપર્ક કઇ રીતે થયો ? બંને એકબીજાને કઇ રીતે ઓળખતા હતા, તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. જ્યારે પરિણીતાના પતિને ધમકી આપનાર નંદુ સોલંકી (રહે. નવાયાર્ડ) તથા ચંદ્રકાત દાઢી પણ ગુનો દાખલ થયા પછી ફરાર થઇ ગયા છે.

અન્ય એક ચર્ચાસ્પદ ઘટનામાં બીજી યુવતીના ચક્કરમાં ફસાયેલો પતિ પહેલી મેરેજ એનિવર્સરીએ જ બહાર રહ્યો હતો અને બાદમાં પત્નિને તું ગમતી નથી કહી કાઢી મુકી હતી. આ ઘટના પણ વડોદરાની છે. બીજી યુવતીના ચક્કરમાં ફસાયેલા પતિ અને સાસરીયાના ત્રાસથી કંટાળેલી પરિણીતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. છાણી નજીક રહેતી પરિણીતાએ કહ્યું છે કે,મારા લગ્ન કીર્તિસિંગ સાથે થયા હતા.પરંતુ થોડા જ સમયમાં મેં તેમનો મોબાઇલ જોતાં કોઇ યુવતી સાથે તેમનો સબંધ હોવાનું જણાઇ આવ્યું હતું.જે મુદ્દે પતિએ મારઝૂડ કરી મારી પાસે દહેજની માંગણી કરવા માંડી હતી. ત્યારબાદ મારા સાસુ,સસરા અને જેઠ પણ મને માનસિક ત્રાસ ગુજારતા હતા.પહેલી મેરેજ એનિવર્સરીએ રાતે કેક કાપી ત્યારે પતિએ આખો દિવસ સાથે રહીશું તેમ કહ્યું હતું.પરંતુ સવાર થતાં જ બહારગામ ચાલ્યા ગયા હતા.મોડી રાતે પરત આવ્યા ત્યારે જમવાનું પૂછતાં ઝઘડો કરી તું મને ગમતી નથી,તારે ઘેર ચાલી જા..તેમ કહ્યું હતું.જેથી હાલમાં હું મારા કુટુંબીજનને ત્યાં રહું છું. પોલીસે આ ફરિયાદને આધારે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# ફટાકડા ફોડવા બાબતે આશાપુરા ટ્રાવેલ્સના મુન્ના સહિત ચાર શખ્શોનો યુવાન પર હુમલો

## મારી બસ ઉભી છે, ફટાકડા નાં ફોડો તેવું કહી નિશાંત રૂપારેલીયા ઉપર ચાર શખ્શો તૂટી પડ્યા

રાજકોટ મિરર, તા.૧

શહેરના અયોધ્યા ચોક પાસે અયોધ્યા રેસીડેન્સી ઓસ્કાર પાર્ક માં રહેતા હેમાબેન નિશાંતભાઈ રૂપારેલીયા નામની મહિલાએ પોતાના પતિ ઉપર હુમલો કરવા સબબ આશાપુરા ટ્રાવેલ્સના મુન્નાભાઈ સહિત ૪ અજાણ્યા શખ્સો સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હુમલાખોરોની શોધખોળ આદરી છે.



ફરિયાદમાં હેમાબેન રુપારેલીયા એ જણાવ્યું છે કે તારીખ ૩૧ ના રોજ રાત્રિના તેણે તેમના જેઠાણી કિંજલબેન, ફ્રેન્ડ રાહીલાબેન, સાસુ રશ્મિબેન, પતિ નિશાંતભાઈ, જેઠ રીતેશભાઈ તેમજ અન્ય સગા વહાલાઓ બધા રાત્રેના નવેક વાગ્યાની આસપાસ તેમના પતિના શિવ રેસ્ટોરન્ટ પાસે ફટાકડા ફોડતા હતા.

ત્યારે રેસ્ટોરન્ટ્સ બાજુમાં આવેલ આશાપુરા ટ્રાવેલ્સમાંથી મુન્નાભાઈ નામનો એક શખ્સ આવ્યો હતો અને કહ્યું હતું કે અહીં મારી બસ ઊભી છે તમે ફટાકડા ન ફોડો. ત્યારે નિશાંતભાઈએ કહેલ કે અમે અમારી હદમાં ફટાકડા ફોડીએ છીએ, આવા સમયે મુન્ના નામનો શખ્સ ત્યાંથી ચાલ્યો ગયો હતો અને થોડીક વારમાં અન્ય ત્રણ અજાણ્યા શખ્સોને બોલાવીને તેમના પતિ નિશાંતભાઈને મારવા લાગ્યા હતા.

આમ સામાન્ય ફટાકડા ફોડવા જેવી બાબતે મુન્ના સહિતના ૪ શખ્સોએ નિશાંતભાઈ પર હુમલો કરતા તેમના પત્ની હેમાબેને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મહિલા સામે જોવા પ્રશ્ને રીક્ષાચાલક પર ચારનો હુમલો

## મહિલા, યુવતી સહીત ચાર સામે ગુન્હો નોંધતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ મિરર, તા. ૧

૩૧મીએ બપોરે જામનગર રોડ પર એક રીક્ષા ચાલક પર એક યુવતી, મહિલા સહીત ત્રણએ હુમલો કર્યાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે હુમલાખોરે પકડવા કવાયત આદરી છે.

આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં અને રિક્ષા ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં ઈમરાન મહમદભાઇ સાકરીયાણી (ઉ.વ.૩૭)ની ફરિયાદ પરથી તેના જ પડોશી ભાવેશ, ભાવેશની પત્નિ, ભાવેશની બહેન અને ભાવેશના સાળા સાગર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

ફરિયાદમાં ઈમરાને જણાવ્યું છે કે, બપોરે ઘર બહાર હતો ત્યારે પડોશમાં ભાવેશ દેવીપૂજક રહે છે તેણે મારી પાસે આવી તું શું મારી સામે જોવે છે? કહેતાં મેં તેને હું કંઇ સામે નથી જોતો તેમ જણાવતાં તેણે ગાળો દીધી હતી અને બાદમાં પોતાની પત્નિ, બહેન, સાળા સાથે મળી મારા પર હુમલો કરી ઝપાઝપી કરી લાકડાના ધોકાથી માર મારતાં હાથમાં ઈજા થઇ હતી. પીએસઆઇ પી. બી. પટેલે ગુનો નોંધ્યો હતો.

# સિમેન્ટના થાંભલા સાથે અથડાતા પ્રૌઢનું મોત

## રાવકી - માખાવડ રોડ પર બની ઘટના : અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધતી લોધિકા પોલીસ

રાજકોટ મિરર, તા.૧

લોધિકા તાલુકાના તરવડા ગામે દામજીભાઈ પોકિયાની વાડીએ રહીને ખેતીની જમીનમાં ભાગમાં વાવેતર કરે ખેતી કરતા રવજીભાઈ રાઠવા (મૂળ રહેવાસી ધાધારપુર, તાલુકો બોડેલી જીલ્લો છોટાઉદેપુર) ગઈ તારીખ ૩૦ ના રોજ સાંજના ૯:૦૦ ૧:૦૦ વાગ્યાની આસપાસ જીજે ૦૩ એચડી ૧૮૩૨ નંબરનું બાઈક લઈને પેટ્રોલ પુરાવા ગયા હતા. બાદમાં લાંબા સમય પછી પણ ઘરે ન આવતા તપાસ કરતા તેમનો સિમેન્ટના થાંભલા સાથે અથડાવાથી મૃત્યુ થયાનું જાણવા મળ્યું હતું. બનાવની જાણ ૧૦૮ દ્વારા મૃતકના પુત્ર યોગેશભાઈને કરવામાં આવી હતી. દરમિયાન યોગેશભાઈ તેમના માતા સહિતનો પરિવાર બનાવની જગ્યાએ પહોંચતા રાવકી માખાવડ રોડ ઉપર આવેલ હનુમાન ધાર પાસે એક સિમેન્ટના થાંભલા સાથે રવજીભાઈ અથડાઈ ગયેલી હાલતમાં બાઈક સાથે લોહી લુહાણ હાલતમાં પડ્યા હતા.

દરમિયાન લોધિકા સરકારી હોસ્પિટલે રવજીભાઈ ને ખસેડાતા ત્યાં ફરજ પરના તબીબોએ રવજીભાઈને મૃત જાહેર કર્યા હતા. બનાવને જાણ પરથી પોલીસે ઘટના સ્થળે દોડી જઈને મૃતકની લાશને પીએમ માટે દવાખાને ખસેડી હતી. આ બનાવની વધુ તપાસ લોધિકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વીઆર ગુજરાતી ચલાવી રહ્યા છે.

# બનાસકાંઠાની અમીરગઢ ચેકપોસ્ટ પરથી ઝડપાયું ૫૮ લાખનું એમડી ડ્રગ્સ





## રાજસ્થાનથી આવતી સરકારી બસમાંથી ડ્રગ્સ ઝડપાતા ચકચાર

અમીરગઢ, તા.૧

રાજસ્થાનથી આવતી સરકારી બસમાંથી ડ્રગ્સ પોલીસે ઝડપી પાડયું છે,જેની કિંમત ૫૮ લાખ રૂપિયા થાય છે અને એક આરોપીની પોલીસે ધરપકડ કરી છે.૫૮૪ ગ્રામ એમડી ડ્રગ્સ છે.રાજસ્થાન તરફથી બસ આવી રહી હતી અને તેમાંથી આ ડ્રગ્સ ઝડપાયું છે જેને લઈ પોલીસે પણ વધુ તપાસ હાથધરી છે.

સમગ્ર ઘટનામાં પોલીસે એક આરોપીની ધરપકડ છે,અને વધુ તપાસ હાથધરી છે,ડ્રગ્સ કયાંથી લવાતું હતુ અને કોને આપવામાં આવતું હતુ તે દિશામાં તપાસ હાથધરી છે.સરકારી બસમાં ડ્રગ્સ લાવવામાં આવ્યું છે.ડ્રગ્સ બનાસકાંઠામાં કોઈને આપવાનું હતુ કે અન્ય કોઈ જિલ્લામાં પહોંચાડવાનું હતુ તે દિશામાં પોલીસે આરોપીની પૂછપરછ કરી છે.અમીરગઢ પોલીસ ચેકપોસ્ટ પર ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન આ ડ્રગ્સને ઝડપી પાડવામાં આવ્યું છે.પોલીસે આ મામલે આરોપીઓ વિરુદ્ધ ગઉઙજ એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લામાં હાલ બે કાયમી ચેકપોસ્ટ ઉપરાંત ચાર હંગામી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. અમીરગઢ ચેકપોસ્ટ પર પોલીસ ચેકિંગ કરી રહી હતી ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલી જામનગર પાસિંગની એક ક્રેટા કારની તલાશી લેતા તેમાંથી ૧૦૪૭ ગ્રામ મેથાએમ્ફેટામાઈન નામનું ડ્રગ્સ મળી આવ્યું હતું.

ડ્રગ્સને લઈ ગુજરાત પોલીસની મુહિમ ચાલી રહી છે,અલગ-અલગ જિલ્લાઓમાંથી ડ્રગ્સ ઝડપાઈ રહ્યું છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરાઈ રહી છે,કચ્છના ક્રીક વિસ્તારમાં સૌથી વધુ બિનવારસી હાલતમાં ડ્રગ્સના પેકેટ મળી આવે છે,તો બીજા નંબરે સુરતમાં સૌથી વધુ ડ્રગ્સ ઝડપાઈ રહ્યુ છે,ત્યારે અગામી દિવસોમાં પોલીસની આ મુહિમ કેટલો રંગ લાવશે તે જોવું રહ્યું.

# જામકંડોરણાના સોડવદર ગામે ટ્રક હડફેટે પરપ્રાંતીય યુવાનનું મોત

## રોડ ક્રોસ કરતી વખતે ટ્રક ચાલકે લીધો હડફેટે : ટ્રક ચાલક સામે ગુન્હો



રાજકોટ મિરર, તા.૧

મૂળ વાયદપુર જૂનું ફળિયુ, તાલુકો ડભોઇ, જીલ્લો વડોદરાના અને હાલ જામકંડોરણા તાલુકાના સોડવદર ગામે રહીને ખેત મજૂરી કરતા અર્જુનભાઈ સીતાભાઈ રાઠોડિયા નામના આદિવાસી પ્રૌઢે જામકંડોરણા પોલીસમાં જીજે ૦૩ બીવી ૧૦૭૮ નંબરના ટ્રક ચાલક સામે પોતાના પુત્રના મોત નિપજાવ્યા સબબ ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુનો નોંધ્યો છે

પ્રાપ્ત વિગતો મુજબ અર્જુનભાઈ સીતાભાઈ રાઠોડિયા હાલ છેલ્લા બે મહિનાથી જામકંડોરણા તાલુકાના સોડવદર ગામે ખેત મજૂરી કામ કરે છે. છેલ્લા એક અઠવાડિયાથી તેઓ વતનમાં જતા રહ્યા હતા. તે પછી તેમનો દીકરો અજય તથા તેમની દીકરી ભાવિશા એમ બંને ચાર દિવસથી સોડવદર ગામે મજૂરી કામ માટે પાછા આવ્યા હતા. તારીખ ૩૦ ૧૦-૨૦૨૪ ના રોજ રાત્રિના ૧૧:૩૦ વાગ્યાની આસપાસ તેમના ગામ પડોશી હંસાબેન રાયસીંગભાઇ રાઠોડીયાએ ફોન કરે જાણ કરેલ કે શોડવદર ગામના પાદરમાં તેઓ ઉભા હતા ત્યારે અજય રોડ ક્રોસ કરવા જતો હતો ત્યારે અશોક લેલન ટ્રકે તેમને હડફેટે લેતા ગંભીર ઇજા સાથે દવાખાને ખસેડ્યો હતો. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. બાદમાં અજયની લાશને ધોરાજી સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી.

મૃતકના પિતાના જણાવ્યા મુજબ અજયને બે સંતાનો છે. આમ પોતાના પુત્રને ટ્રક હડફેટે લઈ મોતની નીપજાવનાર ઉપરોક્ત ટ્રક નંબરના ચાલક સામે જામકંડોરણા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેમને શોધખોળ આદરી છે. બનાવ સમયે અકસ્માત સર્જીને ચાલક ટ્રક મૂકીને નાસી ગયો હોય પોલીસે ટ્રક કબજે કરીને આગળની કાર્યવાહી યાદ કરી છે.

# વડોદરાના શિનોરમાં બે બાઈક વચ્ચે અકસ્માતમાં ૩ના મોત

## બાળકની હાલત ગંભીર : સારવાર હેઠળ



વડોદરા, તા.૧

વડોદરાના શિનોરમાં બે મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો. શિનોરના સીમળી અને સેગવા ચોકડી વચ્ચે અકસ્માત સર્જાયો. સામ-સામે બે મોટરસાયકલના અકસ્માતમાં ૩ના ઘટના સ્થળે મોત. જ્યારે ૧ બાળક સિરિયસ, અન્ય બે મહિલાને એક બાળકીને નાની મોટી ઇજા સાથે નજીકની હોસ્પીટલમાં ખસેડાયા છે.

એક ગંભીર ઇજાગ્રસ્ત બાળકને વડોદરા [illegible] હોસ્પિટલ ખસેડાઇ. એક મોટરસાયકલ ઉપર ૫ જ્યારે બીજી મોટરસાયકલ પર ૨ વ્યક્તિ સવાર હતા. ડભોઇના વણાદરાથી શિનોરના સીમળી ગામે પોતાની સાસરીમાં જમાઈ આવતા હતા. ડભોઇના વણાદરાથી નીકળેલ જમાઈ સાથે અન્ય ૩ બાળકો સવાર હતા. જ્યારે મોટા ફોફળિયા ગામના ખેત શ્રમિક ૨ બે વ્યક્તિ શિનોર તરફથી સેગવા તરફ જતા હતા તેમાંથી એક પુરુષનું મોત નીપજ્યું હતું. ઈજાગ્રસ્તોને સારવાર માટે સરકારી એમ્બ્યુલન્સ ૧૦૮ દ્વારા દવાખાને પહોચાડ્યા હતા.

અંદાજિત ૩૦ વર્ષના વસાવા દિનેશભાઇ અને તેમની પુત્રી અંદાજિત ૮ વર્ષની જહાનવીનું બનાવ સ્થળે મોત નીપજ્યું. બે મોટરસાયકલના અકસ્માતમાં કુલ ૩ મોત જ્યારે અંદાજિત ૪ વર્ષની બાળકી ગંભીર હાલતમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

# ગોંડલના રાઘે ઈન્ડસ્ટ્રીઝમાં LCB ત્રાટકી
# ૩૫ લાખના દારૂ સાથે ૨ ઝડપાયા

## LCB-SOGનો સંયુક્ત દરોડો રૂપિયા ૪૬ લાખનો મુદ્દામાલ કબજે કરાયો ધમધમાટ શરૂ કરતી પોલીસ

રાજકોટ મિરર, તા.૧

રાજકોટ રૂરલ એલસીબીના હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, વાઘાભાઈ આલ, પોલીસ કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમા, પ્રકાશભાઈ પરમાર, તેમજ એસોજી શાખાના એ.એસ.આઇ.જયવીરસિંહ રાણા, હેડ કોસ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, અરવિંદભાઈ દાફડા, એમ તમામ સ્ટાફ ગોંડલ તાલુકા વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતા.

દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ગોંડલ તાલુકા વિસ્તારમાં આવેલ વડવાળા હોટલ પાસેની અવધ એગ્રીની બાજુમાં રાઘે ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલ ચામ્ર્સ  એગ્રી કોલ્ડ પ્રાઈવેટ લિમિટેડ નામના કારખાનાની પાછળ આવેલ સિમેન્ટ રોડ ઉપર જાહેરમાં અમુક માણસો વિદેશી દારૂના જથ્થાને હેરફેર કરી કટીંગ કરી રહ્યા છે.

આવી બાતમીના આધારે બાતમીની જગ્યાએ દરોડો પાડવામાં આવતા બે પંજો ને હાજરીમાં હકીકત વાળી જગ્યાએ રવાના થઈ જામવાળી લશમભ પાસેથી જામવાડી ગામ તરફ ચોરડી ગામ તરફ આશરે ૪ કિલોમીટર દૂર આવેલ વડવાળા હોટલ પાસેથી આગળ જતા રાઘે ઈન્ડસ્ટ્રીયલ ઝોન વિસ્તારમાં આવેલ અવધ એગ્રી નામને ફેક્ટરીની પાસે ચાન્સ એગ્રી કોડ પ્રાઈવેટ લિમિટેડ નામના કારખાનાની પાછળ સિમેન્ટ રોડ ઉપર અંધારામાં ઉભેલા વાહનો જોવા મળ્યા હતા.

પોલીસને જોઈને વાહન ચલાવતો શખ્સો નાસી છૂટ્યા હતા તેમજ આ જગ્યાએથી બે શખ્સો ઝડપાયા હતા જેમાં એકનું નામ શંભુનાથ બારીક દિનબંધુ બારીક (રહેવાસી મૂળ ગામ નીલપુરા પોસ્ટ નેલપુરા જિલ્લો બાલેશ્વર ઓરિસ્સા, હાલ રાજકોટ ભાવનગર રોડ વિજયનગર સિરાજભાઈ જુણેજાના મકાનમાં ભાડેથી) તેમજ પુલીન પત્રા આનંદપત્રા (રહેવાસી યદીમાં પોસ્ટ બંગીયા, જીલ્લો પશ્ચિમ મેદીની પુર વેસ્ટ બેંગાલ હાલ રહેવાસી રાજકોટ ભાવનગર રોડ વિજયનગર સિરાજભાઈ જુણેજાના મકાનમાં) એમ બંને શખ્સોએ પોતાના કબજામાં રાખેલો વિદેશી દારૂનો જથ્થો કાઢી આપ્યો હતો.



દરોડા સમયે પોલીસે રૂ.૩૪,૯૯,૫૬૦ ની કિંમતની ૬૨૨૮ દારૂની બોટલ, રૂ.૧૦,૯૦૦૦૦ ના ત્રણ વાહનો, રૂ.૧૦ હજારના બે મોબાઈલ, રૂપિયા ૨૦૦ની રસી અને તાલપત્રી તેમજ રોકડ રૂપિયા ૭૮૦ વિગેરે મળી કુલ રૂપિયા ૪૬ લાખ ૫૪૦ નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત બંને શખ્સની ધરપકડ કરી દારૂનો જથ્થો મગાવનાર, તેમજ દારૂનો જથ્થો મોકલનાર તેમજ બોલેરો, અશોક લેલન્ડ અને એકટીવા એમ ત્રણેય વાહનોના નંબરના આધારે વાહન માલિકોને શોધખોળ શરૂ કરી તમામ સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

**મોટાદડવાની સોનારીયા સીમમાં દરોડો**

ગોંડલ તાલુકાના મોટાદડવા ગામની સોનારીયાની સીમમાં વિજય પ્રભાત જળુંની વાડીમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો પડ્યો હોવાને બાતમી પરથી રાજકોટ રૂરલ એલસીબીએ ત્રાટકતા ત્યાંથી ૨,૪૬૦ દારૂની બોટલો સાથે નાના મોટા વાહનો સહિતનો કુલ રૂપિયા ૨૨ લાખ ૧૫ હજાર ૬૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વાડીમાં દારૂનો જથ્થો ઉતારનાર તેમજ વાડી માલિક વિજય પ્રભાત જળુંની પોલીસે શોધખોળ હાજરી છે

બનાવને મળતી વિગતો મુજબ ગઈકાલે સાંજે એલસીબીના એએસઆઈ બ્રીજરાજસિંહ જાડેજા, રોહિતભાઈ બકોત્રા, વકારભાઈ અરબ, હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ બાવળીયા, મથુરભાઈ વાસાણી, પોલીસ કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા, ભોજાભાઇ ત્રમટા, મેહુલભાઈ સોનરાજ વગેરે કાફલો ગોંડલ તાલુકાના મોટાદડવા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ બાવળીયા તેમજ ભાવેશભાઈ મકવાણાને સંયુક્ત બાતમી મળી હતી કે સોનારીયાની સીમમાં વિજય પ્રભાત જળુંની વાડીમાં અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફ થઈમ (રહેવાસી રાજકોટ) તેમજ રાજકોટના સોયબ રજાક ઓડિયા એમ બંને શખ્શોએ ભાગીદારીમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો છે.

તેમજ હાલ દારૂનું કટીંગ કરી હેરાફેરી કરવાની તૈયારીમાં છે, આવી બાતમી મળતા જ રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચનો કાફલો સોનારીયાની સીમમાં વિજય પ્રભાત જળુંની વાડીમાં ત્રાટકતા ત્યાંથી પોલીસને દારૂની ૨૪૬૦ બોટલ, ૭ ગેસ સિલિન્ડર, એક બોલેરો પીકપ વાહન રજીસ્ટર નંબર જીજે ૧૦ ટીએક્સ ૯૮૨૨, આઇસર ગાડી નંબર જીજે ૧૯ વાય, ૧૦૧૩, એમ તમામ વાહનો અને દારૂ સહિતનો રૂપિયા ૨૨ લાખ ૧૫૧૬૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. દરોડા સમયે ઉપરોક્ત રાજકોટના બંને શખ્સો તેમજ વાડી માલિક હાથ નહીં આવતા પોલીસે તેમની શોધખોળ આદરી છે.

# GSTની આવકની આવક પોણા બે લાખ કરોડ

## ઓક્ટોબર ૨૦૨૩માં કલેક્શન ૧.૭૨ લાખ કરોડ રૂપિયા હતું : ઑક્ટોબર ૨૦૨૪માં GST કલેક્શનનો બીજો શ્રેષ્ઠ રેકોર્ડ

નવીદિલ્હી તા. ૧

ઑક્ટોબરમાં ગ્રોસ GST કલેક્શન ૯ ટકા વધીને રૂ. ૧.૮૭ લાખ કરોડથી વધુ થયું હતું, જે ઘરેલુ વેચાણમાં વૃદ્ધિ અને વધુ સારા અનુપાલનને કારણે બીજા ક્રમનું સૌથી વધુ છે. મહિના દરમિયાન કેન્દ્રીય જીએસટી કલેક્શન રૂ. ૩૩,૮૨૧ કરોડ, રાજ્ય જીએસટી રૂ. ૪૧,૮૬૪ કરોડ, ઈન્ટિગ્રેટેડ IGST રૂ. ૯૯,૧૧૧ કરોડ અને સેસ રૂ. ૧૨,૫૫૦ કરોડ હતું. શુક્રવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ કુલ ગૂડ્ઝ અને સર્વિસ ટેક્સ (GST)ની આવક ૮.૯ ટકા વધીને રૂ. ૧,૮૭,૩૪૬ કરોડ થઈ છે. ઓક્ટોબર ૨૦૨૩માં કલેક્શન ૧.૭૨ લાખ કરોડ રૂપિયા હતું. ઑક્ટોબર ૨૦૨૪માં GST કલેક્શનનો બીજો શ્રેષ્ઠ રેકોર્ડ. અત્યાર




સુધીનું સૌથી વધુ કલેક્શન એપ્રિલ ૨૦૨૪માં રૂ. ૨.૧૦ લાખ કરોડથી વધુ હતું. સમીક્ષા હેઠળના મહિનામાં સ્થાનિક વ્યવહારોમાંથી GST ૧૦.૬ ટકા વધીને રૂ. ૧.૪૨ લાખ કરોડ થયો હતો, જ્યારે આયાત પરના કરમાંથી આવક લગભગ ૪ ટકા વધીને રૂ. ૪૫,૦૯૬ કરોડ થઈ હતી. આ મહિના દરમિયાન રૂ. ૧૯,૩૦૬ કરોડના રિફંડ જારી કરવામાં આવ્યા હતા, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૧૮.૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. રિફંડ એડજસ્ટ કર્યા પછી, નેટ GST કલેક્શન ૮ ટકા વધીને રૂ. ૧.૬૮ લાખ કરોડથી વધુ થયું છે. તહેવારોની મોસમના વેચાણ અને વધેલા અનુપાલનના ઉત્કૃષ્ટ સંયોજનને કારણે GST સંગ્રહ છે. ''આનું કારણ સ્થાનિક પુરવઠો હોવાનું જણાય છે.

જ્યારે ઘણા મોટા રાજ્યોએ GST આવકમાં ૯ ટકાથી વધુ વૃદ્ધિ નોંધાવી છે, તેમાંથી કેટલાક અને ઘણા નાના રાજ્યોએ સરેરાશથી નીચે વૃદ્ધિ દર્શાવી છે, જે તે રાજ્યો માટે ચિંતાનો વિષય છે. માસિક GST કલેક્શનમાં સિંગલ ડિજિટ વૃદ્ધિ ભારતમાં ગ્રાહક ખર્ચમાં સંભવિત મંદીનો સંકેત આપે છે, જે છેલ્લા નાણાકીય વર્ષમાં તહેવારોની માંગને કારણે પ્રેરિત હતો, તેમણે કહ્યું હતું કે વધુ સારું ચિત્ર ઊભું થશે અને ઓટોમોબાઈલ ક્ષેત્રનું પ્રદર્શન મહત્ત્વપૂર્ણ રહેશે ટૂંકા ગાળાના વલણને નિર્ધારિત કરવું.

મોટા તહેવારોની ઉજવણી 'છાંટોપાણી' લઇને કરવાના ચલણ વચ્ચે પીધા પછી 'પચાવી' ન શકનારા પોતાના અને બીજાના માટે બની જાય છે જોખમી

# હિરેને દારૂ ઢીંચી ફોર્ચ્યુનરથી છ વાહનોને ઉલાળ્યા

## કોટેચા ચોકમાં દિવાળીની રાતે બનેલી ઘટનાએ અનેકના જીવ અધ્ધર ચડાવી દીધા

## ગાંધીગ્રામ પોલીસે રામધામ સોસાયટીના ભરવાડ શખ્સને દબોચી નશો ઉતાર્યો

(દર્શનસિંહ જાડેજા દ્વારા)
રાજકોટ મિરર તા. ૧

શહેરમાં અવાર-નવાર કારચાલકો તેમજ ટુવ્હીલર ચાલકો બેફામ બની પોતાની અને બીજા લોકોની જિંદગી જોખમમાં મુકી દેતાં હોય છે. હજુ ચાર દિવસ પહેલા જ પોલીસ હેડક્વાર્ટર સર્કલ પાસે અને મવડી હેડકવાર્ટર સર્કલ પાસે બે અલગ અલગ કારના ચાલકોએ કાબુ ગુમાવતાં એક કાર સર્કલમાં ઘુસી ગઇ હતી અને એર બેગો ખુલી ગઇ તેમજ બીજી કાર ગોથુ ખાઇ ગઇ હતી. જો કે કોઇને ઇજાઓ થઇ નહોતી. ત્યાં હવે દિવાળીની રાતે દારૂ પી છાકટા બનેલા શખ્સે બેફામ સ્પીડથી ફોર્ચ્યુનર કાર હંકારી ફિલ્મી ઢબે ત્રણ ટુવ્હીલર, ત્રણ કારને ઉલાળી દેતાં તેમાં ભારે નુકસાની થઇ હતી અને છએક લોકોને ઇજા પહોંચી હતી. આ કારનો ચાલક કાલાવડ રોડ પર રહેતો ભરવાડ શખ્સ ચિક્કાર નશો કરેલો હોઇ ગાંધીગ્રામ પોલીસે ગુનો દાખલ કરી તેનો નશો ઉતારવાની કાર્યવાહી કરી હતી.

શહેરમાં કોઇપણ મોટા તહેવાર હોઇ તેની ઉજવણી અમુક લોકો છાંટોપાણી લીધા વગર કરતાં નથી. જો કે પીધા પછી પચાવી નહિ શકનારા અને છાકટા બની જનારા પોતાના માટે અને બીજા લોકો માટે જોખમી બની જતાં હોય છે. કંઇક આવી જ એક ઘટનામાં એક નશાખોર શખ્સે દિવાળની રાતે કોટેચા ચોકમાં બેફામ ઝડપે ફોર્ચ્યુનર કાર હંકારી બે બાઇક, એક્ટીવા અને ત્રણ કાર સહિત છ વાહનોને ઉલાળી દેતાં છ લોકોને ઇજા પહોંચાડતાં દેકારો મચી ગયો હતો. નશો કરીને નીકળેલા શખ્સે રાહદારીઓ, બીજા લોકોના જીવ જોખમમાં મુકી દીધા હતાં. ગાંધીગ્રામ પોલીસે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

ચોંકાવનારા અને લોકોના જીવ અધ્ધર કરી દેનારી આ ઘટનામાં ગાંધીગ્રામ પોલીસે અકસ્માતમાં ઘાયલ થયેલા પૈકીના કણકોટ મેઇન રોડ આશારામ આશ્રમની સામે પામ વીલા પાસે વિરડા વાજડી ગામમાં રહેતાં અને વરમોરા ટાઇલ્સ કંપનીમાં નોકરી કરતાં ઓગણત્રીસ વર્ષના સત્યમ દેવેશભાઇ સોલંકીની ફરિયાદ પરીથ ફોર્ચ્યુનર કાર જીજે૧૮બીજી-૯૯૯૯ના ચાલક હિરેન ગુણુભાઇ ભરવાડ (રહે. કાલાવડ રોડ રામધામ સોસાયટી) વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૧૦, ૨૮૧, ૧૨૫, એમવી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબ દારૂ પીધેલી હાલતમાં પુરઝડપે બેફામ રીતે કાર હંકારી પોતાની બેદરકારીથી બીજાનું મૃત્યુ નીપજી શકે તેવું જાણવા છતાં બેદરકારી પુર્વક કાર હંકારી બે ટુવ્હીલર અને ત્રણ કારને ઠોકરે ચડાવી સત્યમ તેમજ અન્ય તેના નાના ભાઇ, માસીયાઇ ભાઇ સહિત સાતને ઇજાઓ પહોંચાડવાનો ગુનો નોંધ્યો હતો અને તેની ધરપકડની કાર્યવાહી કરી હતી.

સમગ્ર ઘટનાની વિગતો પોલીસ સમક્ષ જણાવતાં સત્યમ સોલંકીએ જણાવ્યું હતું કે હું અને મારો નાનો ભાઇ કેવીન દિનેશભાઇ સોલંકી તથા મારા મામાનો દિકરો દીપ કિરણભાઇ કોદવલા, દીપનો નાનો ભાઇ



નીરજ કોદવલા સહિતને ૧૫૦ રીંગ રોડ પર પાપા લુઇસ હોટેલ ખાતે જમવાનું હોઇ અમે ત્યાં પહોંચ્યા હતાં. આ વખતે મામાનો દિકરો દીપ કોદવલા અને તેનો નાનો ભાઇ નીરજ કોદવલા તેના બાઇક જીજે૦૭એએફ-૮૮૪૨ લઇને હોટેલે આવ્યા હતાં. જમીને અમે ચારેય અલગ અલગ બાઇક પર ઘરે જવા નીકળ્યા હતાં.

રાતે દસેક વાગ્યે મારુ બાઇક જીજે૦૩કેએલ-૨૫૧૯ હું ચલાવતો હતો, પાછળ નીરજ બેઠો હતો. જ્યારે બીજી બાઇક જીજે૦૭એએફ-૮૮૪૨ કેવીન ચલાવતો હતો, તેની પાછળ દીપ બેઠો હતો. એ પછી અમે મોદી સ્કૂલ થઇ નિર્મલા કોન્વેન્ટ રોડ થઇ સપના કોલ્ડ્રીંક્સથી આગળ ધારેશ્વર ડેરી પાસે પહોંચ્યા હતાં. અમે ધારેશ્વર ડેરી પાસે અમારુ બાઇક સાઇડમાં રાખી ઉભા હતાં. દીપ અને કેવીન બાઇક પર આતાં હતાં ત્યાં જ કાળા રંગની ફોચ્યુનર કાર સપના સોડા દૂકાનથી આગળ બંબાટ આવી હતી અને મારા ભાઇની બાઇકને ઠોકરે લેતાં તે પડી ગયા હતાં. કાર ચાલકે કાબુ ગુમાવતાં આગળ બીજી એક એક્ટીવા અને ફોરવ્હીલર ગાડીઓને પણ ટક્કર મારી દીધી હતી અને અનેક લોકોને ઇજા પહોંચાડી હતી. મેં ૧૦૮ને ફોન કરતાં ૧૦૮ આવી ગઇ હતી.

એ પછી હું તથા નીરજ હોસ્પિટલમાં પહોંચ્યા હતાં. મારા ભાઇ કેવીનને માથા, શરીરેઇજાઓ થઇ હતી. વોર્ડમાં બીજા ઘાયલોને પણ લાવવામાં આવ્યા હતાં. જેના નામ લક્ષમણભાઇ ભુરાભાઇ ટાંક, લીલાબેન હરસુખભાઇ છત્રોલા સહિતના હતાં. ફોર્ચ્યુનર કાર જીજે૧૮બીજે-૯૯૯૯ના ચાલકે અમારા બે બાઇક ઉપરાંત એક્ટીવા જીજે૦૩કેબી-૯૩૮૦, સફેદ કાર જીજે૦૩જેએલ-૧૯૦૦, કવીડ કાર જીજે૧૪એક્યુ-૪૭૭૫, વેગનઆર કાર જીજે૦૩સીઇ-૭૭૨૩ને પણ ઉલાળી દેતાં તેમાં બેઠેલા લોકોને ઓછીવધતી ઇજાઓ થઇ હતી. બનાવને પગલે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતાં. ગાંધીગ્રામ પોલીસ ઇન્સ્પેક્ટર કે. જે. કરપડાની રાહબરીમાં પીએસઆઇ પ્રદ્યુમનસિંહ જી. રોહડીયાએ ગુનો નોંધી આરોપી હિરેન ગુણુભાઇ ભરવાડની ધરપકડ કરવા તજવીજ કરી હતી. અકસ્માત સમયે તે ચિક્કાર દારૂ ઢીંચેલી હાલતમાં હતો. આ ઘટનાને નજરે નિહાળનારા લોકોના શ્વાસ અધ્ધર ચડી ગયા હતાં.

રંગીલા રાજકોટમાં તહેવાર વધુ એકવખત રક્તરંજીત થયોઃ નિર્દોષને રહેંસી નખાતાં પરિવારમાં કાળો કલ્પાંત

# સર્વેશ્વર ચોકમાં ફટાકડાની બબાલમાં યુવાનની ક્રુર હત્યા

## બજરંગવાડીનો ૨૬ વર્ષનો કાર્તિક સરવૈયા, નાના ભાઇ પ્રકાશ, માસીયાઇ ભાઇ કેતન સાથે સર્વેશ્વર ચોકમાં મિત્ર મીત ભટ્ટની દૂકાને ગયા બાદ ફટાકડા ફોડતા હતાંઃ આ વખતે બલી'સ કીચનવાળા અમરદિપ ઉર્ફ બલીએ સળગતા ફટાકડા માથે ફેંક્યા બાદ માથાકુટ કરી કટારના ઘા ઝીક્યાઃ કાર્તિકનો ભોગ લેવાયોઃ તેના ભાઇ, માસીયાઇ ભાઇને ઇજા

(દર્શનસિંહ જાડેજા દ્વારા)
રાજકોટ મિરર તા. ૧

રાજકોટઃ રંગીલા રાજકોટ શહેરમાં મોટા તહેવારો વખતે પોલીસ ગમે તેટલો બંદોબસ્ત જાળવે છતાં કોઇને કોઇ સ્થળે લોહીયાળ ઘટનાઓ બની જ જતી હોય છે. કોટેચા ચોકમાં એક કારચાલકે બેકાબૂ બની વાહનોને, લોકોને ઉલાળી દઇ ઇજા પહોંચાડી હતી. એ પછી મોડી રાતે ડો. યાજ્ઞિક રોડ સર્વેશ્વર ચોકમાં ફડાકડા ફોડવા મામલે બજરંગવાડીના નિર્દોષ પ્રજાપતિ યુવાનની લોથ ઢાળી દેવામાં આવી હતી, તેમજ તેના નાના ભાઇ અને માસીયાઇ ભાઇને પણ કટારના ઘા ઝીંકી દેવાયા હતાં. બલીસ કીચનવાળો બલીપાજી ફટાકડા ફોડીને સળગતા ફટાકડા પ્રજાપતિ યુવાન પર ફેંકતો હોઇ બોલાચાલી બાદ વાત વણસી ગઇ હતી અને હત્યા સુધી પહોંચી ગઇ હતી.

હત્યાની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો લગભગ દરેક મોટા તહેવાર પર શાંત ગણાતા રાજકોટ શહેરમાં અશાંતિનો માહોલ ખડો થાય તેવી ઘટનાઓ બનતી જ રહે છે. મારામારી અને ક્યારેક એક બીજાને મારી નાખવાની ઘટનાઓ બની જતી હોય છે. ફરી આ વખતે સૌથી મોટા એવા દિવાળીનો તહેવાર રક્તરંજીત થયો હતો.

શહેરમાં દિવાળીની રાત લોહીયાળ બનીગઇ હતી. ડો. યાજ્ઞિક રોડ સર્વેશ્વર ચોકમાં હત્યાની ઘટના બની હતી. જેમાં બજરંગવાડી સર્કલ પાસે શેરી નં. ૧૩માં કુળદેવી કૃપા ખાતે રહેતાં અને સિગારેટની કંપનીનું માર્કેટીંગ કરતાં છવ્વીસ વર્ષના કાર્તિક જેન્તીભાઇ સરવૈયા નામના યુવાનની ક્રુર હત્યા થઇ હતી. જ્યારે તેના નાના ભાઇ બાવીસ વર્ષના પ્રકાશ જેન્તીભાઇ સરવૈયા અને માસીયાઇ ભાઇ ધરમનગરમાં રહેતાં બત્રીસ









**બોલાચાલી બાદ સમાધાન થઇ ગયા પછી ફરીથી બલીપાજીએ કારની ટક્કર મારવા પ્રયાસ કરી કિરપાણ (કટાર)થી તૂટી પડ્યોઃ ઝડપી લેવા દોડધામ**

વર્ષના કેતન હરીભાઇ વોરાને પણ કટાર-કિરપાણના ઘા ઝીંકાતાં બંનેને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. સર્વેશ્વર ચોકમાં બલી'સ કીચન નામે ધંધો કરતાં અમરદીપ ઉર્ફ બલીપાજીએ હત્યા નીપજાવ્યાનું અને બાદમાં તે ફરાર થઇ ગયાનું ખુલતાં એ-ડિવીઝન પોલીસ, ક્રાઇમ બ્રાંચ, એલસીબીની ટીમોએ તેને ઝડપી લેવા દોડધામ શરૂ કરી હતી.

ઘટનાની વધુમાં પ્રાપ્ત માહિતી પર નજર કરીએ તો બજરંગવાડી-૧૩માં રહેતો કાર્તિક સરવૈયા, તેનો નાનો ભાઇ પ્રકાશ સરવૈયા અને માસીયાઇ ભાઇ કેતન વોરા દિવાળીની રાતે સર્વેશ્વર ચોકમાં દૂકાન ધરાવતાં મિત્ર મીત ભટ્ટને ત્યા ફટાકડા ફોડવા ગયા હતાં. ચારેય જણા દૂકાન નજીક ફટાકડા ફોડતા હતાં ત્યારે સર્વેશ્વચર ચોકમાં જ બલી'સ કીચન નામે રેસ્ટોરન્ટ ચલાવતો અમરદીપ ઉર્ફ બલી પણ ત્યાં ફટાકડા ફોડતો હતો. ઘાયલ પૈસકીના પ્રકાશ સરવૈયાના કહેવા મુજબ બલીપાજી ફટાકડા સગળાવીને મારા ભાઇ કાર્તિક ઉપર ફેંકતો હતો, બે વાર તેણે આવુ કરતાં તેને ના પાડવા છતાં તેણે આખી લૂમ સળગાવીને મારા ભાઇ તરફ ફેંકી હતી. આ કારણે અમારી વચ્ચે બોલાચાલી થઇ હતી. ત્યારબાદ વાત શાંત પડી જતાં મિત્ર મીત ભટ્ટ અમને ચોકમાંથી યાજ્ઞિક રોડ તરફ લઇ જતો હતો ત્યાં બલીપાજી પાછો કાર લઇને આવ્યો હતો અને અમારા પર કાર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રકાશે આગળ કહ્યું હતું કે ત્યારપછી તે કારમાંથી કટાર જેવુ કીરપાણ લઇને ઉતર્યો હતો અને મારા ભાઇ કાર્તિકને ઘા મારી દીધા હતાં. હું અને માસીયાઇ ભાઇ કેતન વચ્ચે પડતાં અમને બંનેને પણ ઘા મારી દીધા હતાં. આ બનાવ રાતે ત્રણેક વાગ્યે બન્યો હતો. અમે લોહીલુહાણ થઇ જતાં દેકારો મચી જતાં બીજા લોકો ભેગા થઇ ગયા હતાં. મીત ભટ્ટ સહિતે અમને હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. તેમ વધુમાં પ્રકાશે કહ્યું હતું. બીજી તરફ સારવાર દરમિયાન વહેલી સવારે પાંચ વાગ્યે કાર્તિક સરવૈયાએ દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાઇ જતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટ, એએસઆઇ એમ. વી. લુવા અને ડી. સ્ટાફ ટીમ તેમજ ડીસીબી, એલસીબીની ટીમોએ આરોપીને શોધી કાઢવા દોડધામ શરૂ કરી હતી.

કરૂણતા એ છે કે હત્યાનો ભોગ બનનાર કાર્તિક બે ભાઇ અને એક બહેનમાં મોટો તથા પરિવારનો આધાર હતો. તેના લગ્ન થયા હતાં. તે નાના ભાઇ પ્રકાશ સાથે સિગારેટની કંપનીનું માર્કેટીંગ કરતો હતો. તેના પિતા જેન્તીભાઇ દેવશીભાઇ સરવૈયા રેસકોર્ષ લવ ગાર્ડન નજીક ચબુતરા પાસે ભેળપુરીની લારી રાખી ગુજરાન ચલાવે છે.

દિવાળીના સપરમા દિવસે યુવાન અને આધારસ્તંભ દિકરાની હત્યા થઇ જતાં સરવૈયા પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. એક ચર્ચા એવી પણ છે કે દિવાળીને દિવસે જ હુમલાખોર અમરદીપ ઉર્ફ બલીપાજીનો બર્થડે હતો, તે બીજા લોકો સાથે મળી ફટાકડા ફોડતો હતો. સળગતા ફટાકડા તેણે હત્યાનો ભોગ બનનાર કાર્તિક ઉપર ફેંક્યા હતાં. બાદમાં આખી લૂમ સળગાવીને ફેંકી હતી.

એ પછી બોલાચાલી બાદ સમાધાન થઇ ગયા પછી ફરીથી બલીપાજીએ કાર લઇ માથે ચડાવવા પ્રયાસ કર્યા બાદ કટાર-કીરપાણથી હુમલો કર્યો હતો. જે જીવલેણ નીવડ્યો હતો. દિવાળીની રાતે એક પરિવારે નિર્દોષ આધારસ્તંભ ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.